# વિશ્વવિહાર

વર્ષ : 26 * અંક : 1 * ઑક્ટોબર 2023 * કિં. ₹ 15





વિશ્વકોશભવનની શોભામાં અભિવૃદ્ધિ કરતાં સેરિગ્રાફ
(સૌજન્ય : અનિલ રેલિયા)



'જીવનમૂલ્યોથી જીવન-ઉત્કર્ષ'
વિશે વસંત ગઢવી




અગસ્ત્ય ફાઉન્ડેશન અને વિશ્વકોશ લલિતકલાકેન્દ્રના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં સુનંદા શર્મા દ્વારા શાસ્ત્રીય અને ઉપશાસ્ત્રીય કંઠ્યસંગીતની પ્રસ્તુતિ



'સમાજ અને સોશિયલ મીડિયાનો
પરસ્પર પ્રભાવ' વિશે અર્પણ યાજ્ઞિક



'ગ્લોબલ વૉર્મિંગ, ક્લાયમેટ ચેન્જ
અને આપણે' વિશે સિદ્ધાર્થ ઠાકર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
◆
email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# ગાંધી હજી બોલે છે !

મહાત્મા ગાંધીજીની અહિંસાના સંદર્ભમાં પ્રમાણમાં અજાણ્યા એક પ્રસંગનું સ્મરણ થાય છે. દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં યોજાયેલી સભામાં ગાંધીજીએ અંધારા ખૂણામાં એક માણસને ઊભેલો જોયો. એમની નજર એના પર ચોંટી ગઈ. સભા પૂર્ણ થયા બાદ ગાંધીજી એની પાસે ગયા અને એના હાથમાં પોતાનો હાથ લઈને શાંત, સ્વસ્થ અને ગંભીર અવાજે કંઈક કહેવા લાગ્યા. પેલો માણસ થોડી વાર અચકાયો, ખચકાયો અને પછી સહેજ વળીને ગાંધીજી સાથે ચાલવા લાગ્યો.

બંનેએ એકબીજા સાથે વાતો કરી. એ સમયે ગાંધીપ્રવૃત્તિમાં રસ ધરાવનારા મિલી ગ્રેહામ પોલાક ગાંધીજી સાથે હતા. તેઓ આ બંનેની ભાષા જાણતા નહોતા, તેથી એમની વચ્ચે શું વાત થઈ તે સમજી શક્યા નહીં. ગાંધીજી અને પેલો અજાણ્યો શખ્સ ચાલતા રહ્યા અને વાતો કરતા રહ્યા. મહોલ્લાનો છેડો આવ્યો ત્યારે એ માણસ ગાંધીજીના હાથમાં કંઈક આપીને ચાલતો થયો.

મિલીને કશું સમજાયું નહીં એટલે ગાંધીજીને પૂછ્યું, 'એને શું જોઈતું હતું ? કોઈ ખાસ માગણી લઈને આવ્યો હતો ?'

ગાંધીજીએ કહ્યું, 'હા, એ માણસ જીવ લેવા આવ્યો હતો.'

'શું જીવ લેવા ? તમારો જીવ લેવા ? ઓહ, કેટલું બધું ભયાવહ ! શું એ પાગલ છે ?'

'ના, એ માને છે કે હું અમારા લોકોની જોડે દગો રમી રહ્યો છું. સરકાર જોડે ભળીને હિંદુઓનું અહિત કરવા માગું છું અને તેમ છતાં તેમનો મિત્ર અને નેતા હોવાનો ડોળ કરું છું.'

'આવું માનવું એ તો નરી દુષ્ટતા. કેવી ભયાનક વાત ! આવાને તો લઈને પોલીસ પાસે પકડાવી દેવા જોઈએ. તમે શા માટે એને આમ જવા દીધો? પાગલ હોવો જોઈએ એ !'

ગાંધીજીએ કહ્યું, 'ના, એ પાગલ નથી. માત્ર વહેમાયેલો છે. આથી મેં એની સાથે વાત કરી, પછી એણે છરો મારા હાથમાં આપી દીધો. એ જ છરો કે જે એ મને હુલાવી દેવા ચાહતો હતો.'

'એણે તમને અંધારામાં છરાનો ઘા કર્યો હોત તો ?'

અધવચ્ચે જ ગાંધીજી બોલી ઊઠ્યા, 'આટલા બધા ગભરાઈ જાવ નહીં. એના મનમાં એમ હતું કે હું આને છરો ભોંકીને મારી નાખું, પરંતુ એનામાં એમ કરવાની હિંમત નહોતી. એ મને જેટલો ખરાબ માનતો હતો, એટલો ખરાબ હું હોઉં તો મરવાને લાયક જ ગણાઉં. પણ હવે આ વિશે વધારે ફિકર કરવાની જરૂર નથી. આ કિસ્સો પૂરો થયો. હું નથી માનતો કે એ માણસ ફરી મને ઘાયલ કરવાનો પ્રયત્ન કરે. મેં એને પોલીસ પાસે પકડાવ્યો હોત તો એ મારો શત્રુ બની જાત, પણ હવે એ મારો મિત્ર બનશે.'

આવી અભયવૃત્તિને જ મહાત્મા ગાંધીજી અહિંસા માને છે.

એક સમયે અમેરિકાનાં વધુમાં વધુ અખબારોમાં મૉડલિંગનું એક ઠઠ્ઠાચિત્ર પ્રગટ થયું હતું. એમાં માર્ટિન લ્યૂથર કિંગ (જુનિયર) સ્વર્ગમાં દાખલ થાય છે અને મહાત્મા ગાંધીજીને મળે છે, ત્યારે ગાંધીજી કહે છે,

'ડૉ. કિંગ, આ ખૂનીઓ વિશે વિચિત્ર વાત એ છે કે એ લોકો એમ માને છે કે એમણે તમારી હત્યા કરી છે.'

આ ઠઠ્ઠાચિત્ર દોરનારે માર્મિક રીતે એ સૂચવી દીધું છે કે વ્યક્તિની હત્યા થઈ શકે, પણ વિચારોની હત્યા કદી કરી શકાતી નથી.

આ સંદર્ભમાં અત્યારે દેશમાં વધી રહેલી ધાર્મિક કટ્ટરતા અને છીછરી રાજનીતિએ મહાત્મા ગાંધીજીની પ્રતિભાનું ખંડન કરવાનો પેંતરો રચ્યો છે. મહાત્મા ગાંધીજીનાં ઉદ્ધરણો અને કાર્યોને એના સંદર્ભથી અલગ કરીને અસંગત ઉદ્ધરણો આપવામાં આવે છે. ગાંધીજીની ટીકા કરીને કેટલાય પોતાનો એજન્ડા આગળ વધારી રહ્યા છે. ગાંધીજીએ કહ્યું હતું કે, 'હું મારી કબરમાંથી પણ બોલતો રહીશ.' એ વાત એક જુદા સંદર્ભમાં દુર્ભાગ્યે પ્રગટ થઈ રહી છે. હકીકત એ છે કે ગાંધીજીની અહિંસા હિંસક પરિબળોની વચ્ચે વિશ્વભરમાં પ્રગટ થતી રહી છે અને એવા શુભ અર્થમાં ઠેર ઠેર મહાત્મા ગાંધી જીવતા થયા છે.

એક મોહનદાસ કરમચંદ ગાંધી ભલે ગોડસેની ગોળીથી વીંધાયા હોય, પણ દેશ-વિદેશ જુદા જુદા સંજોગોમાં, ભિન્ન ભિન્ન રૂપે અને નોખાં નોખાં ધ્યેય સાથે મહાત્મા ગાંધી પ્રગટ્યા છે ! એ અમેરિકાના માર્ટિન લ્યૂથર કિંગના કાર્યમાં જોવા મળે છે. ચેસ્ટર બોલ્સે કહ્યું છે તેમ 'છેલ્લાં સો વર્ષના ભારે જહેમતભર્યા અને લોહિયાળ માર્ગે જે સિદ્ધ થયું નહોતું તે માર્ટિન લ્યૂથર કિંગે મહાત્મા ગાંધીની કાર્યપદ્ધતિથી માત્ર દસ જ વર્ષમાં

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ગાંધી હજી બોલે છે ! | ૩ | કુમારપાળ દેસાઈ |
| જી-૨૦ની ફળશ્રુતિ | ૧૦ | પ્રવીણ ક. લહેરી |
| અંતરિક્ષમાં અકસ્માત | ૧૪ | ચિંતન ભટ્ટ |
| પુસ્તકોમાં તે કંઈ પૈસા નંખાતા હશે ! | ૧૭ | રતિલાલ બોરીસાગર |
| નવા સંસદભવનમાં નવી ટૅક્નૉલૉજી | ૨૦ | હર્ષ મેસવાણિયા |
| ઘરઆંગણે આવે ગ્રંથાલય | ૨૩ | પ્રીતિ શાહ |
| સમયની નજાકત પારખવી એ પણ એક કળા જ છે! | ૨૫ | કૃષ્ણકાંત ઉનડકટ |
| પૅરામેટ્રિક સ્થાપત્ય | ૨૭ | હેમંત વાળા |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૨૯ | ભદ્રાયુ વછરાજાની |
| વિશ્વકોશવૃત્ત | ૩૩ | – |

કરી બતાવ્યું.' કાળા અને ગોરાના સંબંધોમાં ન્યાયસંગતતા લાવવા માટેના અહિંસક કૂચના એમના પ્રસંગો જગપ્રસિદ્ધ છે.

ઈટાલીના દાનીલો દોલ્ચીએ ઉપવાસ અને હડતાળનાં અહિંસક શસ્ત્રોથી સરકારને લોકહિતનાં કાર્યો કરવાની ફરજ પાડી. અહિંસક માર્ગે કોબેના કાગાવાએ મજૂર-આંદોલનોની આગેવાની લીધી. શ્રીલંકાના આરિયરત્ને ૨૩,૦૦૦ ગામોમાંથી ૮,૦૦૦ ગામોમાં શ્રમશિબિર, ગ્રામોદય અને સર્વોદય જેવી ગાંધીભાવનાઓ પ્રસરાવી. આફ્રિકાના આલ્બર્ટ લૂથૂલીએ હબસીઓની ચળવળને અહિંસક રાખવા પ્રયત્ન કર્યો. પશ્ચિમ અમેરિકાના સીઝર ચાવલેએ મેક્સિકન અમેરિકન મજૂરોના પ્રશ્નને લઈને ગાંધીજીના વિચારોમાંથી પ્રેરણા પામીને અહિંસક સંગઠન ઊભું કર્યું.

અહિંસક માર્ગે સમાજપરિવર્તન લાવવાનું કાર્ય વિનોબાજીએ કર્યું. ભૂદાન, સાધનદાન, ગ્રામદાન, ગ્રામસ્વરાજ્ય, શાંતિસેના અને સર્વોદય પાત્રનાં કાર્યો દ્વારા અહિંસક માર્ગે સમાજમાં અકલ્પનીય ક્રાંતિ લાવ્યા, જેમાંનાં કેટલાંક કાર્યો આજે પણ ચાલી રહ્યાં છે.

હિમાચલ પ્રદેશના જંગલ ખાતાના અધિકારીઓ મનસ્વી રીતે અને સ્વાર્થવૃત્તિને કારણે જંગલનાં વૃક્ષોનો નાશ કરતા હતા. જ્યારે ત્યાં રહેતી આદિવાસી પ્રજાને પોતાની જ સંપત્તિ હોવા છતાં જીવનનિર્વાહ માટે વૃક્ષો કાપવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. તે સમયે આ વિસ્તારની બહેનો અધિકારીઓ વૃક્ષ કાપવા આવે ત્યારે જાનના જોખમે વૃક્ષોને ચીપકી જતી, પણ વૃક્ષ કાપવા દેતી નહીં. ચીપકો આંદોલન તરીકે લાંબા સમય સુધી આ આંદોલન ચાલ્યું અને અંતે પ્રજાનો વિજય થયો.

આજે આંધળી ભૌતિકતા, રાજસત્તાની લાલસા, ધનપ્રાપ્તિની ઘેલછા, ગળાકાપ સ્પર્ધા, ભીતરી આક્રોશ, આત્મતત્ત્વની અવહેલના, આતંકી હુમલાઓ અને ઘોર હિંસાની દોડમાં દોડી રહેલી માનવજાતને માટે એ સવાલ છે કે તે ચોથા માળેથી આત્મહત્યા કરશે કે સાતમા માળેથી ? હિંસાની આંધળી દોડમાં દોડતા માણસને એમાંથી પાછો વાળવાની જરૂર છે અને તો જ માનવીનું અસ્તિત્વ આ પૃથ્વી પર ટકી શકશે. સંત વિનોબાજીએ કહ્યું કે તમે ત્રણસો ને ચોસઠ દિવસ શસ્ત્રો બનાવો, પણ ત્રણસો પાંસઠમા દિવસે એ શસ્ત્રો દરિયામાં ફેંકી દો. આ શક્તિ માનવીને ક્યાંથી સાંપડશે ? ગાંધીજીએ કાર્યાન્વિત કરેલી અહિંસામાંથી.

અહિંસાના તત્ત્વ પ્રત્યેની એમની અડગ શ્રદ્ધા હતી. એ કહેતા કે હું એકલો મરી જઈશ તોપણ મારી શ્રદ્ધા ગુમાવીશ નહીં અને કબરમાંથી એ અંગે પણ બોલતો રહીશ.

૧૯૨૪માં જર્મન ભાષામાં મહાત્મા ગાંધીજી વિશે એક પુસ્તક પ્રગટ થયું એમાં એક વાક્ય હતું : 'ઊલટતપાસ દરમિયાન ન્યાયાધીશે એમ કહ્યું કે રાજકારણમાં એક માણસની વાતને મહત્ત્વ ન આપી શકાય.'

ત્યારે ભારતના મોટામાં મોટા સત્યાગ્રહીએ જવાબ વાળ્યો : 'હું ખરેખર એ જ વાતને ખોટી પુરવાર કરવા મથી રહ્યો છું.'

૧૯૧૯નો રોલેટ ઍક્ટ સત્યાગ્રહ, ૧૯૨૦થી ૧૯૨૨નો અહિંસક અસહકાર, ૧૯૨૩-૨૪નો બોરસદ સત્યાગ્રહ, ૧૯૨૮નો બારડોલી સત્યાગ્રહ, ૧૯૩૦નો મીઠાનો સત્યાગ્રહ, ૧૯૩૮થી ૧૯૪૨ સુધીનું 'ભારત છોડો' આંદોલન - આમ અહિંસક પ્રતિકારની પરંપરાએ સાબિત કરી આપ્યું કે શાસકોનો હિંસક માર્ગ કે દમનનીતિ અંતે નિષ્ફળ જાય છે. પચીસ વર્ષની અહિંસક તાલીમ દ્વારા ગાંધીજીએ ભારતમાં અહિંસક ક્રાંતિનું સર્જન કર્યું અને ૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે ભારતની આઝાદી સાથે જગતનાં ગુલામ રાષ્ટ્રોને ગુલામીમાંથી મુક્તિ મેળવવા નવો અહિંસક માર્ગ દર્શાવ્યો.

હકીકતમાં ગાંધીજીની અહિંસા એ કોઈ ભાવના નથી, પરંતુ ગુણોની તાલીમ છે. જેનામાં અનેક ભાવનાઓનું સંગમતીર્થ સધાય એ જ અહિંસાપાલક થઈ શકે, કારણ કે એમની અહિંસા માત્ર માનવ કે પશુ પ્રત્યે સીમિત નથી, પરંતુ એમાં ઉચ્ચ કોટિની ત્યાગવૃત્તિ, ન્યાયી વર્તન, આત્માનું ભાન, દેહપીડા સહન કરવાની શક્તિ જેવા આંતરિક ગુણની આવશ્યકતા રહે છે. તેઓ કહે છે કે જમીન જાય, ધન જાય, શરીર જાય તોપણ અહિંસાનો ઉપાસક એની પરવા કરે નહીં.

આત્મબળ કેળવાય અભયથી. જગતના ઈતિહાસમાં મહાવીર, બુદ્ધ, રામ, ઈશુ ખ્રિસ્ત, સ્વામી વિવેકાનંદ – એ બધાએ એમના જીવનની શૈલીમાં અભય પ્રગટ કર્યો હતો. ભય કે મૃત્યુ એમને ચલિત કરી શકે તેમ નહોતાં ! અભય થયા વિના પૂર્ણ અહિંસાનું પાલન શક્ય નથી, કારણ કે અહિંસાની તાલીમ માટે મરવાની તાકાત જોઈએ. મરવાની ઇચ્છા જેટલી તીવ્ર, તેટલી મારવાની ઇચ્છા મોળી. માણસમાં મરવાની તાકાત પૂર્ણપણે આવી જાય તો તેને મારવાની ઇચ્છા થતી નથી અને માણસ કરુણામય બનીને મરે છે ત્યારે મારનારનું દિલ પણ પલટાવી નાંખે છે.

ગાંધીજીને મતે આપણે જેને ચાહતા હોઈએ તેના પર પ્રેમ રાખવો તે અહિંસા નથી, પરંતુ આપણા પર દ્વેષ રાખતા હોય તેના પર પ્રેમ રાખવો તે અહિંસા છે. આથી જ ૧૯૪૬ની ૭મી જુલાઈએ 'હરિજન બંધુ'માં હિરોશિમા પર ફેંકાયેલા અણુબૉંબના સંદર્ભમાં ગાંધીજીએ કહ્યું, 'અણુબૉંબની આ અત્યંત કરુણ ઘટનાથી વાસ્તવિક રીતે જે બોધ તારવવાનો છે, તે એ છે કે હિંસાનો જેમ પ્રતિહિંસાથી નાશ ન થાય, તેમ એ બૉંબનો નાશ સામા બીજા વધારે વિનાશક બૉંબ બનાવવાથી થવાનો નથી. માણસજાતને હિંસામાંથી ઉગારવી હોય, તો અહિંસા સિવાય બીજો એકે માર્ગ નથી. દ્વેષને માત્ર પ્રેમથી જીતી શકાય. સામો દ્વેષ કરવાથી મૂળ દ્વેષનો વિસ્તાર અને ઊંડાણ જ વધે છે.'

અહિંસાને તેઓ જગતનું સૌથી વધુ એવું સક્રિય પરિબળ ગણે છે. એમાં અન્યાય કે દુષ્ટતા આગળ પગ વાળીને બેસી રહેવાનું નથી. અહિંસાને તેજસ્વી અને જાગ્રત વસ્તુ ગણાવે છે. આ સંદર્ભમાં બેતીયા ગામમાં પોલીસ ઘરબાર અને બહેનોની લાજ લૂંટતી હતી ત્યારે લોકો નાસી ગયા. એ પછી ગામલોકોએ ગાંધીજીને કહ્યું કે તમે અહિંસક રહેવાનું કહ્યું હતું એટલા માટે અમે નાસી ગયા. આ સાંભળી ગાંધીજીનું માથું શરમથી ઝૂકી ગયું. એમણે ગામલોકોને ભારપૂર્વક કહ્યું કે મારી અહિંસાનો આવો અર્થ નથી.

આ તો નામર્દાઈ કહેવાય. તમારા આશ્રય નીચેના માણસોને ઈજા કરવા તાકનાર સબળામાં સબળી તાકાતનો તમારે સામનો કરવો જોઈએ. વેર વાળવાની વૃત્તિ વિના જિંદગીને જોખમમાં મૂકીને બધી ઈજા તમારે સહન કરવી જોઈએ. જેઓ મરી જાણે છે તેમને જ હું અહિંસાના પાઠ શીખવી શકું, મરણથી ડરનારા લોકોને નહીં.

૧૯૪૦ના સમયમાં જાહેર હેતુ સિદ્ધ કરવા માટે ઉપવાસ કરવા તે હાસ્યાસ્પદ ગણાતું. ૧૯૬૮ના માર્ચમાં મૅસેચૂસેટ્સમાં આવેલી સ્મિથ કૉલેજની ૧૨૭૭ વિદ્યાર્થિનીઓએ વિયેટનામના યુદ્ધના વિરોધમાં ત્રણ દિવસના ઉપવાસ કર્યા. પ્રિસ્ટન યુનિવર્સિટીના બસો ને પચાસ વિદ્યાર્થીઓએ ઉપવાસ કર્યા. વિયેટનામમાં અમેરિકા વચ્ચે પડ્યું તે માટે હાર્વર્ડ યુનિવર્સિટી અને બીજે પણ ઉપવાસ થયા. વિયેટનામમાં લડવા જવાની ના પાડવા ખાતર હજારો જુવાનો જેલમાં ગયા.

મહાત્મા ગાંધીજી કહેતા કે અહિંસા સાથે મારું લગ્ન અતૂટ છે. એ સ્થિતિમાંથી ચળવા કરતાં હું આપઘાત વધુ પસંદ કરું. ગાંધીજીની અહિંસાની વિભાવના એ માત્ર ધર્મ કે આત્મોન્નતિના ક્ષેત્ર સુધી જ સીમિત નથી. બાકી એ અહિંસા વ્યક્તિના સમગ્ર જીવનમાં વ્યાપવી જોઈએ અને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રગટવી જોઈએ. અહિંસાની શક્તિનો પ્રયોગ બાળક, જુવાન, સ્ત્રી અને વૃદ્ધ બધાં જ કરી શકે છે. માત્ર એને માટે તેઓ બે શરત મૂકે છે. એક તો તેમનામાં પ્રેમસ્વરૂપ ઈશ્વર વિશે અવિચળ શ્રદ્ધા હોવી જોઈએ અને મનુષ્યમાત્રને માટે સમાન પ્રેમ હોવો જોઈએ. આ રીતે વ્યક્તિગત રીતે પળાતી અહિંસાને તેઓ સમાજમાં સદાચારના નિયમરૂપ બનાવે છે. આથી જ અહિંસા એ માત્ર વ્યક્તિગત ચિત્તશાંતિ કે મુક્તિને અર્થે આચરવાનો એકાંતવિહારી સદ્ગુણ નથી, બલ્કે માનવીની પ્રતિષ્ઠા જાળવીને શાંતિની સ્થાપનાની ઝંખના માટે સદાચારરૂપ નિયમ પણ છે.

મહાત્મા ગાંધીજીની અહિંસાએ વિશ્વભરના અનેક દેશોમાં ગાંધી જીવતા થયા ! માર્ટિન લ્યૂથર કિંગથી નેલ્સન મંડેલા જેવી જાણીતી હસ્તીઓ ઉપરાંત કેટલીય અનામી વ્યક્તિઓએ અહિંસાને કાજે જીવન સમર્પિત કર્યું. ૨૦૧૯, ૧૫મી માર્ચે ન્યૂઝીલૅન્ડના ક્રાઇસ્ટ ચર્ચની બે મસ્જિદોમાં આતંકીઓએ અંધાધૂંધ ગોળીઓ ચલાવી અને પચાસ લોકોની લાશો ત્યાં જ ઢાળી દીધી. શ્વેત લોકોના દેશ ન્યૂઝીલૅન્ડમાં મુસલમાનો પર આ આતંકી હુમલો હતો. ન્યૂઝીલૅન્ડ પ્રમાણમાં શાંત અને સદ્ભાવનાથી ભરેલો દેશ ગણાય છે.

આવે સમયે કાળાં વસ્ત્રોમાં ન્યૂઝીલૅન્ડનાં પૂર્વ વડાપ્રધાન જેસિંડા આર્ડર્ન દેશના તખ્તા પર આવે છે અને સહેજે ગભરામણ કે ધ્રુજારી વિના હિંસક આક્રમણખોરોને કહે છે, ‘અમને ભારે વેદના છે. તમે ભલે અમને પસંદ કર્યા હોય, પણ અમે તમને પસંદ કરતા નથી. અમે તમને અત્યારે જ માફ કરીએ છીએ અને તમારી સખત ટીકા કરીએ છીએ.’ એ પછી વિશ્વનાં સૌથી નાની વયનાં ન્યૂઝીલૅન્ડનાં વડાપ્રધાન જેસિંડા આર્ડર્ન મૃત લોકોના પરિવારજનોને ગળે વળગીને લાંબા સમય સુધી રડતાં રહ્યાં અને એ રીતે પોતાની પ્રતિબદ્ધતા જાહેર કરી.

પછીને દિવસે સંસદમાં સંબોધિત કરતાં અરબી સંબોધન 'અસ્લામવાલેકુમ'થી પોતાની વાતનો પ્રારંભ કર્યો. એણે કહ્યું કે ફેસબુક પર હુમલાની તસવીરો નાખીને ઘૃણા ફેલાવવાના સંદર્ભમાં મીડિયાએ એની જવાબદારી ઉઠાવવી પડશે. અને પછીને દિવસે જ એણે બધા પક્ષોની સહમતીથી પોતાના દેશના 'ગન-લૉ'માં બદલાવ કર્યો અને એસોલ્ટ રાઈફલો અને લશ્કરમાં વપરાતાં અર્ધ-સ્વચાલિત હથિયારો પર પ્રતિબંધ મૂક્યો. આતંકી હુમલામાં માર્યા ગયેલા તમામ લોકોના અંતિમ સંસ્કારનો સંપૂર્ણ ખર્ચ સરકાર ઉઠાવશે અને એમના પર આશ્રિત લોકોને ભવિષ્યમાં મદદરૂપ થવાની અમારી જવાબદારી રહેશે.

એટલું જ નહિ, પણ એમણે કહ્યું કે આ સહિષ્ણુતાનો નહીં, પણ સમગ્ર માનવઅસ્તિત્વનો સવાલ છે. હિંસાનો મુકાબલો વધુ મોટી હિંસાથી કરવો એવી આજની શૈલીની સામે જેસિંડાનો આ જવાબ છે. લાશનો બદલો લાશથી લેવાનો રસ્તો એ એનો રસ્તો કે ઉપાય નથી. આ જ છે ગાંધીનો રસ્તો. જ્યાં હિંસા નહીં, ઘૃણા નહીં, દગો નહીં. આવું કશું નહીં અને છતાં જીવનથી ભાગવું નહીં, એ છે ગાંધીનો રસ્તો.

આમ અહિંસાનું આ તત્ત્વ વિશ્વમાં ક્યાંક, કેવી રીતે, કયા સંજોગોમાં પ્રગટ થશે એ કોણ કહી શકે ? આથી આવતીકાલે આ ધરતી પર અહિંસાનો આહલેક પોકારનારો કોઈ અતિ દરિદ્ર કે યુવાન હોય, એ કોઈ શ્વેત કે શ્યામ વર્ણનો પણ હોય, એ કોઈ યુવતી કે અતિવૃદ્ધ પણ હોય, આ અહિંસાના તત્ત્વની ગંગોત્રી વિશ્વના વ્યાપક ફલક પર પહોંચશે તો જ ન્યાય, જાતિ, વર્ણ કે ધર્મના ભેદભાવ, સંપ્રદાયગત હિંસા, ધાર્મિક યુદ્ધો, નિર્દોષ માનવીઓની હત્યા, વ્યક્તિ વિનાશક આક્રમણ અને નિર્દયી આતંકને બદલે શાંતિ, સહિષ્ણુતા, અહિંસા અને સત્યથી માનવજાત વધુ વિકાસ સાધશે.

અહિંસાને પૂર્વ અને પશ્ચિમ એવો ભેદ નથી. અહિંસા આખા વિશ્વની છે અને સમગ્ર વિશ્વે મળીને પૃથ્વીના ગ્રહ પર માનવીનું જીવન સુખી બનાવવા પ્રયાસ કરવો પડશે. માનવજાતની વિવેકપૂર્ણ પ્રગતિ અને આધ્યાત્મિક ઊર્ધ્વગમનને માટે પ્રયાસ કરવો પડશે અને તેનું મુખ્ય પરિબળ અહિંસા બની રહેશે. અહિંસાએ ક્યારેય પ્રેમનો માર્ગ છોડ્યો નથી અને અન્યાયનો સામનો કરવામાં નિર્બળતા દાખવી નથી. આ જ અહિંસક અભિગમની સૌથી મોટી મહત્તા છે.

અહિંસાનો પૂજારી સમસ્ત સૃષ્ટિમાં શ્રેયને માટે મથશે અને આ આદર્શને સત્ય કરવાના પ્રયત્નને માટે પ્રાણ આપશે. અહિંસા એ રાજદ્વારી અન્યાયને દૂર કરવા માટેનું અમોઘ શસ્ત્ર છે. અહિંસા એક સનાતન કાયદો છે. એમાં નિષ્ફળતા એ કાયદાની નિષ્ફળતા નહીં, પણ અનુયાયીની નિષ્ફળતા છે.

આ વિશ્વને હિંસા, યુદ્ધ, આતંક અને રક્તપાતથી બચાવવા માટે અને વિશેષ તો માનવીની 'માનવ' તરીકેની ગુણગરિમા જાળવવા અને સમગ્ર મનુષ્યજાતિના અસ્તિત્વને ટકાવવા માટે મહાત્મા ગાંધીજીની અહિંસક વિચારધારા, જીવનપદ્ધતિ, રાજ્યપદ્ધતિ અને ધર્મપદ્ધતિનું અનુસરણ કરવાની જરૂર છે.

પરમાણુશસ્ત્ર, ટેક્નૉલૉજીની હરણફાળ, વધતું જતું પ્રદૂષણ, શસ્ત્રદોટ, આર્થિક મહાસત્તાના જયઘોષો અને રાષ્ટ્રોની સત્તાભૂખ વચ્ચે મહાત્મા ગાંધીજીના આ શબ્દો સ્મરીએ-

જ્યારે નિરાશામાં ડૂબી જાઓ
ત્યારે યાદ રાખજો કે,
સમગ્ર ઇતિહાસમાં સત્ય અને પ્રેમનો જ
વિજય થયો છે.
જુલ્મ કરનારાઓ થોડાક સમય માટે
અપરાજેય જણાયા છે ખરા,
પરંતુ છેવટે તો તેઓ હંમેશાં પડ્યા જ છે.
આ વાત પર કાયમ વિચારતાં રહેવું.

**– કુમારપાળ દેસાઈ**

---

## વિશ્વકોશ પરિવારના સ્વજનની વિદાય



ગુજરાતી વિશ્વકોશમાં ભૌતિકવિજ્ઞાન અને ખગોળવિજ્ઞાનનાં અધિકરણોનું લેખન અને સંપાદન કરનાર ડૉ. વિહારી છાયાનું ગઈ ૩૦મી ઑગસ્ટે દુઃખદ અવસાન થયું છે. વિશ્વકોશની ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાનવિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીમાં એમણે અવારનવાર વક્તવ્યો આપ્યાં હતાં. સવિશેષ તો એના સામયિક ‘વિશ્વવિહાર’માં તેઓ નિયમિત રીતે વિજ્ઞાનવિષયક લેખો લખતા હતા. છેલ્લાં વર્ષોમાં સ્વાસ્થ્યની પ્રતિકૂળતા હોવાથી તેઓ સંસ્થામાં આવી શકતા નહીં, ત્યારે પણ એમની પાસે લેખ લખાવીને એમના ઘેરથી મંગાવતા હતા. વિશ્વકોશ દ્વારા તૈયાર થયેલા ‘બાળવિશ્વકોશ’માં એમણે વિજ્ઞાનનાં અધિકરણોનું પરામર્શન કર્યું હતું. ડૉ. વિહારી છાયાએ રાજકોટની એમ.એન. વિરાણી સાયન્સ કૉલેજ અને એ પૂર્વે કામાણી સાયન્સ કૉલેજ, અમરેલીમાં અધ્યાપનકાર્ય કર્યું હતું. એ ઉપરાંત સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશનના કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર ‘પ્રયોગ’માં એમણે ઑનરરી ડાયરેક્ટરની કામગીરી બજાવી હતી. એમનાં પચાસ જેટલાં સંશોધનપત્રો પ્રકાશિત થયાં હતાં અને ત્રીસ જેટલી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિષદોમાં એમણે વક્તવ્યો આપ્યાં હતાં. એમના માર્ગદર્શન હેઠળ ત્રણ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પદવી મેળવી હતી અને તેઓએ લોકવિજ્ઞાન કેન્દ્રના સ્થાપકોમાંના એક અગ્રણી સ્થાપક તરીકે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. ગુજરાતમાં વિજ્ઞાનવિષયક જાગૃતિ લાવવામાં એમણે મહત્ત્વનું યોગદાન કર્યું છે. વિશ્વકોશ પરિવાર એના આ સ્વજનને શોકાંજલિ અર્પે છે.

# જી-૨૦ની ફળશ્રુતિ

નવમી અને દસમી સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં બે દિવસ માટે જી-૨૦ના દેશોના વડાઓની શિખર પરિષદ મળી અને તેની સફળતાથી યજમાન દેશ ભારતની છબી ઘણી સારી રીતે નિખરી છે. ૩૪ પાનાં જેટલી લાંબી સમજૂતી થઈ છે. વિશ્વની સાંપ્રત સમસ્યાઓ અંગે જે સહમતી વ્યક્ત થઈ તે ઘટનાથી વિશ્વશાંતિ અને સમગ્ર માનવજાતના વિકાસ માટે આશાનું કિરણ પ્રગટ્યું છે.

અગાઉ સૌથી સમૃદ્ધ એવા દુનિયાના સાત-આઠ દેશો દ્વારા જી-૭ અને જી-૮ની રચના કરવામાં આવી હતી. આ દેશો પોતાનાં આર્થિક હિતોની જાળવણી માટે ચર્ચાવિચારણા કરીને અમુક સમજૂતીઓ કરતા હતા. ધીમે ધીમે અમુક વિકાસશીલ દેશોનાં અર્થતંત્ર મજબૂત થયાં. તેના કદમાં પણ નોંધપાત્ર વધારો થયો.

૧૯૯૮ની વૈશ્વિક કટોકટી બાદ જી-૮ના દેશોને ખ્યાલ આવ્યો કે વિકસિત રાષ્ટ્રો અને વિકાસશીલ રાષ્ટ્રોનો સંયુક્ત મંચ રચવો જરૂરી છે. વિશ્વના અર્થતંત્રને સ્થિરતા આપવા અને પ્રગતિના પંથે દોરી જવા માટે જી-૨૦ નામના જૂથ/મંચની સ્થાપના કરવામાં આવી છે. આ મંચના સભ્યો તરીકે અમેરિકા, ચીન, રશિયા, ગ્રેટબ્રિટન, ફ્રાંસ, જર્મની, જાપાન, સાઉદી અરેબિયા, બ્રાઝિલ, ઇન્ડોનેશિયા, ભારત, ઇટાલી, નૉર્વે, કૅનેડા, સાઉથ આફ્રિકા, દક્ષિણ કોરિયા, મેક્સિકો, આર્જેન્ટિના, તુર્કી અને યુરોપિયન યુનિયન. આ ૨૦ દેશો અને યુરોપિયન ઉપરાંત દિલ્હીની શિખર બેઠક બાદ પંચાવન દેશોના સભ્યપદવાળા આફ્રિકન યુનિયનને પણ એકવીસમા સભ્ય તરીકે સમાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત વિશ્વબૅન્ક, ઇન્ટરનેશનલ મૉનિટરી ફંડ, એશિયાના દેશોનું ગ્રૂપ એશિયન, વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશન સહિત અનેક આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક જૂથોને કાયમી આમંત્રિત કરવામાં આવ્યાં હતાં.

મૂળભૂત રીતે જી-૭ના સભ્યોને વિશ્વના અર્થતંત્રની મુશ્કેલીઓના યોગ્ય ઉકેલ માટે જે દેશોની અને સંસ્થાઓની જરૂરિયાત જણાય તે તમામને સભ્ય તરીકે અથવા આમંત્રિત તરીકે હાજર રાખી પરામર્શ કરવા આ મંચ ક્રમશઃ વિસ્તરતો રહ્યો છે. આફ્રિકાના પંચાવન દેશોના ઍસોસિયેશનને સભ્યપદ અપાયા બાદ આ જૂથનો વ્યાપ ખૂબ વધ્યો છે.

અગાઉ જી-૨૦ના દેશોના કુલ વિશ્વની આવકમાં ૭૫ ટકા જેટલો અને વસ્તીની દૃષ્ટિએ ટકાવારીમાં ૬૦ ટકા આવરી લેવાયા હતા. હવે તેમાં વધારો થઈને લગભગ ૯૫ ટકા આવક અને ૮૦ ટકા જેટલી વસ્તીને આવરી લેવાશે. આમ જોઈએ તો કદની દૃષ્ટિએ યુનાઇટેડ નૅશન્સ બાદ આંતરરાષ્ટ્રીય કક્ષાએ આ જૂથ અતિ મહત્ત્વનું અને પ્રભાવશાળી બની રહ્યું છે.

આ જી-૨૦ના જૂથના યજમાન અધ્યક્ષ બનવામાં ભારતનો ક્રમ ભલે ૧૯મો રહ્યો, પણ દિલ્હીની જી-૨૦ની શિખર પરિષદને જી-૨૦ની સૌથી સફળ અને ફળદાયી શિખર બેઠકનું માન પ્રાપ્ત થયું છે. ચીન જેવા ભારતના દ્વેષ માટે જાણીતા દેશે પણ દિલ્હીના જાહેરનામાને આવકારી ભારતની સિદ્ધિને બિરદાવી છે. સૌથી ઉપેક્ષિત રશિયાએ પણ દિલ્હીમાં થયેલ સમજૂતી દસ્તાવેજ અંગે પોતાની સહમતી અને ખુશી વ્યક્ત કર્યાં છે. જી-૨૦ના તમામ સભ્યોએ સર્વની અનુમતિ સાથે જે ડેકલેરેશન-જાહેરનામું જારી કર્યું છે તે માત્ર નાણાકીય બાબતો જ નહીં, પણ વિવિધ ક્ષેત્રોમાં વિશ્વના દેશો સમક્ષ જે સમસ્યાઓ છે અને તે માટે શું કરવું જરૂરી છે તે બાબતે સર્વાનુમતિ સાધી તે ઐતિહાસિક છે. જી-૨૦ના સૌ સભ્યો આ જાહેરાત મુજબ કાર્યવાહી કરશે તો સમગ્ર માનવજાત માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

યજમાન દેશ ભારતે સાત ખંડોના પ્રતીક સમાન સાત પાંખડીવાળા કમળના લોગો સાથે મહાઉપનિષદના ‘વસુધૈવ કુટુમ્બકમ્’ સૂત્ર સાથે વિશ્વશાંતિ અને વિકાસક્ષેત્રે એક અનોખો સંદેશો આપ્યો છે.‘એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય’ના પેટાસૂત્ર સાથે માનવજાતિ માટે આજે અરસપરસનો સહયોગ અનિવાર્ય છે તેવો સ્પષ્ટ સંદેશો આપ્યો છે.

જી-૨૦ની સૌથી મોટી ઉપલબ્ધિ એ છે કે દિલ્હીમાં યોજાયેલ પરિષદની ફળશ્રુતિ રૂપે જે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે તેમાં તમામ સભ્યોની સહમતી તો છે જ, પરંતુ આ જાહેરનામામાં માત્ર નાણાકીય સ્થિરતાનો મુદ્દો નહીં, પરંતુ અનેક મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૯૪૫માં સ્થપાયેલ યુનાઈટેડ નૅશન્સ હસ્તકની અનેક સંસ્થાઓની કાર્યવાહીને આવરી લે તેવી આ બાબત ખરેખર અભિનંદનને પાત્ર છે.

દિલ્હી ડેકલેરેશનમાં એ વાતનો સ્વીકાર કરવામાં આવ્યો છે કે વિશ્વ માટે ટકાઉ વિકાસના લક્ષ્યાંકને સિદ્ધ કરવા જરૂરી છે. વૈશ્વિક પડકારો જેવા કે ગરીબી, અસમાનતા, ઋતુચક્રનું પરિવર્તન, મહામારી અને સમાજના કચડાયેલા વર્ગને રક્ષણ આપવા માટે સૌ સભ્યો સહમત થયા છે. સમગ્ર વિશ્વમાં મજબૂત, ટકાઉ, સંતુલિત અને સર્વસંમિલિત વિકાસ ઝડપથી થાય તે માટે સૌ સભ્યોએ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ ઉપરાંત અનેક પડકારો વચ્ચે ટકી શકે તેવા વિકાસનાં કાર્યોમાં આરોગ્યવિષયક સુવિધા, ટકાઉ વિકાસને અનુરૂપ જીવનશૈલીના વૈવિધ્યનું જતન તેમજ વન અને સમુદ્રોને પ્રદૂષણમુક્ત રાખવાની બાબતે સૌ સભ્યોએ સહમતી દર્શાવી છે. વર્તમાન યુગમાં વિકાસ માટે ડિજિટલ ડેવલપમેન્ટ જરૂરી છે. વિકસિત દેશોમાં ડિજિટલ માધ્યમના ઉપયોગથી ટકાઉ અને સંતુલિત વિકાસ થઈ શકે તેમ નથી. વિશ્વના અનેક દેશો બેરોજગારીની સામે ઝઝૂમી રહ્યા છે ત્યારે રોજગારીની વૃદ્ધિ કરવી અને કામની જગ્યા આરોગ્યપ્રદ, સલામત અને સંતોષકારક હોય તે માટે પણ સહમતી સધાઈ છે.

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલતા યુદ્ધ બાબત સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ સમય યુદ્ધનો નથી, વિકાસનો છે. યુનાઈટેડ નૅશન્સના ચાર્ટર પ્રમાણે સૌ રાજ્યો અન્યને

ધાકધમકી ન આપે અને એકબીજાનું સન્માન જાળવે તો વિશ્વશાંતિ સ્થાપી શકાય. વિશ્વશાંતિ એ ટકાઉ વિકાસની પૂર્વશરત છે. યુદ્ધના કારણે સામાન્ય માણસનું જીવન છિન્નભિન્ન થઈ જાય છે અને જાનમાલની વિશાળ પાયે હાનિ થાય છે ત્યારે તમામ દેશોએ પોતાના રક્ષણ માટે કે મતભેદોના નિરાકરણ માટે યુદ્ધનો માર્ગ છોડી ચર્ચા-વિચારણા દ્વારા એકમતી સાધવી તે સૌના હિતમાં છે.

કોરોનાના કપરા કાળ બાદ તમામ દેશોમાં વિકાસ ગતિશીલ બન્યો છે, પરંતુ દરેક દેશ ઉપર ખાધવાળા બજેટના કારણે દેવાનો બોજો વધતો જાય છે. જી-૨૦ની દિલ્હીની શિખર પરિષદે કરકસર દ્વારા તેના નવા પ્રોજેક્ટના યોગ્ય અમલ દ્વારા વિકાસની ગતિ વધારવી જરૂરી છે. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગ-ધંધાનો વિકાસ થાય તો અસમાનતા ઘટે, વ્યાપાર પણ જેટલો મુક્ત થાય તેટલી સમૃદ્ધિ વધે. વિશ્વના વ્યાપારમાં ખૂબ મોટાં પરિવર્તનો આવી રહ્યાં છે ત્યારે આધુનિક ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને અને સર્વસંમિલિત વિકાસ દ્વારા આપણે માનવજાત માટે ‘એક પૃથ્વી, એક કુટુંબ અને એક ભવિષ્ય’ની આદર્શ સ્થિતિ હાંસલ કરી શકીએ.

ભ્રષ્ટાચાર બાબત કોઈ પણ બાંધછોડ કર્યા વિના દરેક દેશ નીતિમત્તા સાથે કામગીરી કરે તો તેનો લાભ સામાન્ય લોકોને મળશે. ભ્રષ્ટાચારને કારણે લોકોના કામમાં થતા વિલંબ અને નુકસાનને દૂર કરવા માટે દરેક દેશે ચુસ્ત કાર્યવાહી કરવા માટે પણ સહમતી સાધી છે.

૨૦૨૦માં યુનાઈટેડ નૅશન્સ દ્વારા ટકાઉ વિકાસના જે લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે તેમાં પ્રગતિ ધારણા કરતાં ઓછી છે. હકીકતમાં ટકાઉ વિકાસના લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે જે મહત્ત્વની કામગીરી કરવાની છે તેની વિગતો અંગે પણ સહમતી થઈ છે.

૧. ભૂખ અને કુપોષણને દૂર કરવું.

૨. અન્ન અને ઊર્જાની સલામતીની વ્યવસ્થા કરવી.

૩. વિશ્વ આરોગ્યની વ્યવસ્થા મજબૂત કરી મહામારી ટાળવી. સૌને આરોગ્યસેવા સહેલાઈથી મળે તે માટે કલ્યાણકારી યોજના કરવી.

૪. પરિવર્તન અને વિકાસ માટે ગુણવત્તાસભર શિક્ષણની આવશ્યકતા છે. આ જ રીતે પરિવર્તનના સમયે દરેક રાષ્ટ્રનો સાંસ્કૃતિક વારસો જળવાઈ રહે તેની કાળજી કરવી પણ આવશ્યક છે.

૫. આજે વિકાસની પ્રક્રિયામાં કોલસા અને ક્રૂડ આધારિત ઊર્જાના વપરાશના કારણે જે ગંભીર સ્થિતિ ઊભી થઈ છે તે નિવારવા માટે અને હરિયાળા વિકાસની કલ્પનાને પણ તમામ દેશોએ આવકારી છે. ભવિષ્યમાં પર્યાવરણને અનુરૂપ જીવનશૈલી અને ઊર્જાના ઉત્પાદનમાંથી પ્રદૂષણ નિવારવાનું થાય તો જ ઋતુચક્ર પરિવર્તન જેવા પ્રશ્નો હલ થઈ શકે.

વિકાસ માટે ઊર્જાની જરૂરિયાત છે, પરંતુ તેના દ્વારા પર્યાવરણને નુકસાન ન થાય તેની કાળજી કરવી અનિવાર્ય છે. ધારો કે વૈશ્વિક સૌર ઊર્જા અંગે નોંધપાત્ર પ્રગતિ

કરી છે અને વિશ્વના અન્ય દેશોને પણ તે માર્ગે આગળ વધવામાં મદદરૂપ થઈ શકે તેમ છે.

હાલ પ્રદૂષણના લીધે જે નુકસાન થયું  છે તે નિવારીને ખાસ કરીને સમુદ્ર, નદી-નાળાં અને જળસ્રોતોને થયેલું નુકસાન તાકીદે સુધારવું જરૂરી છે. આજના વિકાસની પ્રક્રિયામાં આડેધડ થયેલા શહેરીકરણને રોકવા માટે આગોતરું આયોજન અને આંતરમાળખાકીય સુવિધાની ભૂમિકા પણ મહત્ત્વની છે.

આંતરરાષ્ટ્રીય ધોરણે કરવેરાના માળખામાં પણ કોઈને બિનજરૂરી લાભ ન થાય અને કોઈને કારણ વિના નુકસાન ન થાય તે જોવાની તમામ દેશોની જવાબદારી છે. આજે નાણાકીય બાબતમાં અનેક દેશોમાં કટોકટીની પરિસ્થિતિ ચાલી રહી છે ત્યારે ટકાઉ વિકાસ માટે યોગ્ય નાણાકીય વ્યવસ્થાપન અને દેવાની રકમમાં ઘટાડો કરવાની કાર્યવાહી અગ્રિમતા માગે છે.

દિલ્હી ડેકલેરેશનના ઉપરોક્ત મુદ્દાઓ ઉપર નજર કરીએ તો ખ્યાલ આવે છે કે છેલ્લાં ઘણાં વર્ષોમાં ન જોવા મળેલ હોય એવા મહત્ત્વના મુદ્દા ઉપર સમજૂતી, અરસપરસ વધેલો વિશ્વાસ અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે સહિયારો પુરુષાર્થ કરવાનો સંકલ્પ એ જી-૨૦ના છેલ્લાં ૨૪ વર્ષના ઇતિહાસમાં સૌથી મોટી ફળશ્રુતિ છે એમ કહી શકાય.

**– પ્રવીણ ક. લહેરી**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમત-ગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)


લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# અંતરિક્ષમાં અકસ્માત

રવિ, સોમ, મંગળ પછી હવે દેશવાસીઓ ગગનવિહાર અંગે આતુર છે. અલબત્ત તે અંગેની તૈયારી તો ઈસરોએ ઘણા વખતથી શરૂ કરી દીધી છે. જ્યારે જીવને અંતરિક્ષમાં મોકલવાનો હોય ત્યારે તે ક્ષેમકુશળ ધરતી પર પાછો ફરે તેની પણ કાળજી લેવાની હોય છે. પૂરતી તકેદારી રાખવા છતાં સમાનવ અંતરિક્ષ અભિયાન સાથે અકસ્માત થાય છે. અત્યાર સુધીમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ચારસો જેટલાં સમાનવ અંતરિક્ષ અભિયાનો થઈ ચૂક્યાં છે. અરે ! કેટલાક અંતરિક્ષયાત્રીઓએ તો એકથી વધુ વખત યાત્રા કરી છે. આમ અંતરિક્ષયાત્રીઓની કુલ સંખ્યા લગભગ ૬૦૦ની છે. અંતરિક્ષયાત્રા અત્યંત જોખમી હોય છે. અંતરિક્ષમાં અકસ્માત થવાનાં મુખ્ય બે કારણો છે : એક કારણ માનવીય ભૂલ અને બીજું કારણ યાનની રચનામાં ખામી. અંતરિક્ષયાનની તમામ ક્રિયાઓ સ્વયંસંચાલિત હોય છે જેમાં કોઈ માનવીય હસ્તક્ષેપ હોતો નથી. આથી માનવીય ભૂલને કારણે અકસ્માતની સંભાવના પ્રમાણમાં ઘણી ઓછી હોય છે. મોટાભાગના અકસ્માતો યાનના કોઈ પણ ઘટકની નિષ્ફળતાને લીધે થતા હોય છે. અત્યાર સુધીમાં થયેલા બધા જ અકસ્માતોનું વિવરણ કરવું શક્ય નથી અને સુખદ પણ નથી માટે શરૂઆતના નમૂનારૂપ બે/ત્રણ અકસ્માતો પર નજર નાખીએ. અકસ્માત કે નિષ્ફળતા એ ધ્યેય હાંસલ કરવા માટેની  સફળતાનું એક પગથિયું છે. ઈસરોના ચન્દ્રયાન અભિયાને આ વાત આપણને સુપેરે સમજાવી છે.

સામાન્ય રીતે વાસ્તવિક ઉડાન દરમિયાન થયેલા મોટા અકસ્માતો જ ધ્યાનમાં આવતા હોય છે અને તેને કેન્દ્રમાં રાખીને ચર્ચા પણ કરવામાં આવતી હોય છે. પરંતુ ઉડ્ડયન પૂર્વેની તાલીમ અને પરીક્ષણ દરમિયાન અનેક જીવલેણ અકસ્માતો થયા છે જેની નોંધ પૂરતા પ્રમાણમાં લેવામાં આવી નથી. પ્રથમ સમાનવ અંતરિક્ષયાત્રા પહેલાં તાલીમ દરમિયાન એક અકસ્માત થયો હતો. આ ઘટના ઉડ્ડયનના અઢાર દિવસ પહેલાં બની હતી. યૂરી ગાગરીનના મિત્ર બંધ ઓરડામાં પ્રશિક્ષણ લઈ રહ્યા હતા. તેમના હાથમાં આલ્કોહૉલથી લથપથ પોતું હતું. ત્યાં પડેલા ગરમ ઉપકરણ સાથે અજાણતાં જ તેનો સંપર્ક થયો અને તરત જ આગ લાગી. આગની લપેટમાં તેમણે પોતાનો જીવ ગુમાવ્યો. અન્ય એક કિસ્સામાં ઉડ્ડયન પૂર્વેની કસરતની તાલીમ દરમિયાન એપોલો-૧૨ના એક અંતરિક્ષયાત્રીનું મૃત્યુ ઑક્સિજનની અછતને કારણે થયું હતું. તાલીમ સત્ર દરમિયાન લૅન્ડિંગ ગિયરની નિષ્ફળતાને કારણે પણ એક જીવલેણ અકસ્માત સર્જાયો હતો. રશિયન અંતરિક્ષયાત્રીઓનું એક જૂથ ૧૯૯૮માં ઉડ્ડયન પ્રશિક્ષણ દરમિયાન માર્યું ગયું હતું. તાલીમના સમયગાળા દરમિયાન આવા ઘણા જીવલેણ અકસ્માતો થયા છે જેમાં કેટલાય તાલીમાર્થીઓએ પોતાનું અમૂલ્ય જીવન ગુમાવ્યું છે.

શીતયુદ્ધના યુગ (૧૯૬૭) દરમિયાન રશિયાએ ડિઝાઈન કરેલાં પ્રારંભિક અંતરિક્ષયાન મૉડલોમાંનું એક મૉડલ હતું સોયુઝ-૧. યાનની સમસ્યાઓના નિરાકરણ માટે અને તેને ઉડ્ડયનયોગ્ય બરાબર તૈયાર કરવા માટે ડિઝાઈનરો વધુ સમય ઈચ્છતા હતા. પરંતુ રાજકીય દબાણને કારણે તમામ સમસ્યાઓનું નિરાકરણ લાવ્યા વિના જ તેને ઉતાવળમાં રવાના કરવામાં આવ્યું હતું. અંતરિક્ષમાં પહોંચ્યા પછી પૃથ્વીની આસપાસના તેરમા પરિભ્રમણ દરમિયાન તેની પ્રણાલીઓ નિષ્ફળ જવા લાગી. અંતરિક્ષયાત્રીને તરત જ પૃથ્વી પર પાછા ફરવાની સૂચના આપવામાં આવી હતી. તેમણે અઢારમી પરિક્રમા વખતે પરત ફરવાની શરૂઆત કરી. ધરતી-સ્પર્શ દરમિયાન કૅપ્સ્યૂલને ધીમું કરવા માટે તેમાં બે હવાઈ છત્રીઓ હતી. અંતરિક્ષયાત્રીએ પહેલી હવાઈ છત્રી ખોલી પરંતુ ટૅક્નિકલ સમસ્યાના કારણે તે ખૂલી નહીં. તરત જ તેમણે બીજી હવાઈ છત્રી ખોલવાનો પ્રયાસ કર્યો. પરંતુ તે પહેલી છત્રી સાથે ફસાઈ ગઈ અને તે પણ ખૂલી નહીં. અંતે કૅપ્સ્યૂલ ધીમું કરી શકાયું નહીં અને ૧૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તે જમીન પર પટકાયું. આ ઝડપે કૅપ્સ્યૂલ અતિશય ગરમ થવાને કારણે તેમાં આગ લાગી. જ્યારે પુનઃપ્રાપ્તિ ટીમ કૅપ્સ્યૂલ અવતરણના સ્થાન પર પહોંચી ત્યારે તેઓ અંતરિક્ષયાત્રીઓનાં આગથી ભૂંજાયેલાં મૃત શરીરને જ શોધી શક્યા.



**સોયુઝ-૧૧નું અવતરણ**

ફેબ્રુઆરી, ૧૯૬૭માં અમેરિકાની એપોલો-૧ અભિયાન આરંભ કરવાની યોજના હતી. તેના ૨૫ દિવસ પહેલાં પ્રક્ષેપણમથક પર નિયમિત પરીક્ષણ પ્રવૃત્તિઓ ચાલતી હતી. ત્રણેય અંતરિક્ષયાત્રીઓ કૅપ્સ્યૂલની અંદર બેઠેલા હતા. યાત્રા અંગેની પ્રવૃત્તિઓ અને પ્રક્રિયાઓને ક્રમિક રીતે અમલમાં મૂકવામાં આવી રહી હતી અને તેની ચકાસણી કરવામાં આવી રહી હતી. તેમાંથી એક યાત્રીએ કૅબિનની અંદર આગ અને ધુમાડાની ઘટનાની અચાનક જાહેરાત કરી અને ત્રણેય અંતરિક્ષયાત્રીઓ પાંચ જ સેકન્ડમાં આગની લપેટમાં આવી ગયા. બાર સેકન્ડમાં તો તેઓ સંપૂર્ણપણે બળીને ભડથું થઈ ગયા હતા. કૅબિનની અંદરની તમામ વસ્તુઓ બળી જવાને કારણે અંદરનું દબાણ બહારના વાતાવરણના દબાણ કરતાં લગભગ અઢી ગણું વધારે હતું. કૅબિનમાંથી તેમના મૃતદેહોને બહાર કાઢવાનું પડકારજનક કામ પાર પાડતાં લગભગ દોઢ કલાકનો સમય લાગ્યો હતો. આ અકસ્માતનું કારણ જાણવાનો પ્રયાસ કરતાં માલૂમ પડ્યું કે કૅબિનની ૧૦૦ % જગ્યા શુદ્ધ ઑક્સિજનથી ભરેલી હતી તે મૃત્યુનું મુખ્ય કારણ હતું. આ કુદરતી વાતાવરણમાં જોવા મળતા નાઈટ્રોજન અને ઑક્સિજનનું મિશ્રણ જેવું ન હતું. કૅબિનનો

દરવાજો પણ અંદરથી ખોલી શકાતો ન હતો, તે ફક્ત બહારથી જ ખોલી શકાતો હતો. આ કારણે  અંતરિક્ષયાત્રીઓ આપત્તિમાંથી બહાર નીકળી શક્યા નહીં.

ત્રણ અમૂલ્ય માનવજીવનની કિંમતે વૈજ્ઞાનિકો પદાર્થપાઠ શીખ્યા. ત્યારપછીનાં ઉડ્ડયનોમાં જરૂરી ફેરફારો કરવામાં આવ્યા. પ્રક્ષેપણમથક પર  એપોલો કૅપ્સ્યૂલમાં ૬૦ % જ ઑક્સિજન ભરવામાં આવતો અને અંતરિક્ષમાં પહોંચ્યા પછી તેને ૧૦૦ %ના સ્તર સુધી વધારી દેવામાં આવતો હતો. જ્યારે રશિયન અંતરિક્ષયાન સોયુઝ અને અંતરિક્ષમથકો પૃથ્વીના વાતાવરણની જેમ ૨૧ % ઑક્સિજનથી ભરેલાં હોય છે.

વિશ્વના પ્રથમ અંતરિક્ષમથક રશિયન સલ્યુત-૧ માટેનું અંતરિક્ષ અભિયાન સોયુઝ-૧૧ હતું. તેણે અંતરિક્ષમાં મહત્તમ દિવસો રહેવાનો વિક્રમ સ્થાપ્યો હતો. તે ૨૯ જૂન, ૧૯૭૧ના રોજ પૃથ્વી પર પાછું ફર્યું. હવાઈ છત્રી અને ઉતરાણ માટેના થ્રસ્ટર્સ જેવી ગતિ ઘટાડવાની તમામ પ્રણાલીઓ સારી રીતે કામ કરી રહી હતી. યોગ્ય ધરતી-સ્પર્શ વેગ સાથે કૅપ્સ્યૂલે આયોજિત સ્થળ પર બરાબર અવતરણ કર્યું. સફળતાની ઉજવણી કરવા પુનઃપ્રાપ્તિ ટીમે ઉત્સાહથી કૅપ્સ્યૂલમાં સવાર અંતરિક્ષયાત્રીઓનો સંપર્ક કર્યો, પરંતુ કૅપ્સ્યૂલની અંદર સવાર યાત્રીઓ તરફથી કોઈ જવાબ ન મળ્યો. તેમનો સંપર્ક કરવાના વારંવાર પ્રયાસોનો જવાબ ફક્ત મૌન જ હતો. આખરે  કૅપ્સ્યૂલને તોડીને ખોલી તો ત્રણેય યાત્રીઓના મૃતદેહો જોવા મળ્યા. તેઓનાં નસકોરાં અને કાનમાંથી લોહી વહેતું હતું. આનું કારણ તાત્કાલિક જાણી શકાયું ન હતું. સમગ્ર કૅપ્સ્યૂલની તપાસ કરવામાં આવી. મૃતદેહોની પણ તપાસ કરવામાં આવી. તેમના લોહીમાં મોટી માત્રામાં નાઈટ્રોજનની હાજરી હતી તે પરથી તારણ કાઢ્યું કે તેઓ ઑક્સિજનના અભાવને કારણે અપાર વેદના સાથે અત્યંત પીડાદાયક મૃત્યુ પામ્યા હતા. સોયુઝ યાન ત્રણ ભાગોમાં બનેલું હતું. વિદ્યુત વિસ્ફોટક ઉપકરણોનો ઉપયોગ કરીને ઉતરાણ વખતે લગભગ ૧૨૦ કિમી ઉપર તે એકબીજાથી અલગ પડે છે જેને પાયરોસ કહેવાય છે. આ અલગ પડવાની ઘટના ભારે આઘાત સર્જે છે. આંચકાને કારણે કૅબિન પ્રેશર કંટ્રોલ વાલ્વમાંથી એક વાલ્વ તૂટી ગયો હોવાનું જાણવા મળ્યું. આના કારણે કૅબિનનું દબાણ સંપૂર્ણ ઘટી ગયું. ૨૫ સેકંડમાં જ કૅબિનની બધી હવા બહાર નીકળી ગઈ અને આ પછી માત્ર ૨૦  સેકન્ડમાં જ યાત્રીઓએ પોતાના જીવ ગુમાવ્યા. અલબત્ત, વાલ્વ યોગ્ય રીતે બંધ છે કે નહિ તે ચકાસવાની તેમની ફરજ હતી. જો તે ક્ષતિગ્રસ્ત થયો હોય તો તેને સુધારી લેવો જોઈએ. જમીન  પરની ચકાસણીના આધારે કહી શકાય કે જો વાલ્વ ક્ષતિગ્રસ્ત જણાય તો તેને સુધારવા માટે ઓછામાં ઓછી એક મિનિટ લાગે. આમ અકસ્માત ફક્ત ૪૫ સેકન્ડમાં  થઈ ગયો અને તેને નિવારવા માટે ૬૦ સેકંડની જરૂર હતી. આ પરથી કહી શકાય કે જો તેઓએ વાલ્વ સુધારવાનો પ્રયાસ કર્યો હોત તોપણ તેઓને બચાવી શકાયા ન હોત.

આ ઉપરાંત અંતરિક્ષ ઉદ્યોગ સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ દરમિયાન અકસ્માત થાય છે જે બધા જ જીવલેણ હોતા નથી પણ હા, દરેક અકસ્માત કંઈક શીખવી જાય છે અને વિજ્ઞાન આગેકૂચ કરે છે - ટૅક્નૉલૉજી પરિપક્વ થતી જાય છે.

**– ચિંતન ભટ્ટ**

# પુસ્તકોમાં તે કંઈ પૈસા નંખાતા હશે !

બિઝનેસ સાથે સંકળાયેલા એક સ્નેહી મહેમાન તરીકે આવ્યા. એમણે કહ્યું, 'તમારી ટુચકાઓની ચોપડી કંઈક બહાર પડી છે ને ? મને આપજો. પાછા ફરતી વખતે ગાડીમાં વાંચીશ. ટુચકાની ચોપડી છે એટલે ટાઈમ સારી રીતે પાસ થશે.'

હાસ્યનિબંધોની મારી ચોપડીને ટુચકાની ચોપડી કહી સ્નેહીએ એનો કચરો કર્યો તેથી મને થોડો આઘાત લાગ્યો. કશું વાંચતા-બાંચતા ન હોય પણ ટીવી જોતા હોય તેવા કેટલાક સ્નેહીઓ મારા ટીવી કાર્યક્રમોને કારણે મને ટીવી-કલાકાર તરીકે ઓળખે છે; એટલું જ નહિ, ટીવી-કલાકાર તરીકે ઓળખાવે પણ છે. એક વાર મારો ટીવી-કાર્યક્રમ જોઈને એક સ્નેહીએ મને ફોન કર્યો અને કહ્યું, 'તમારો ટીવી-કાર્યક્રમ જોયો આજે.' ટીવીમાં મારાં દર્શન કરીને ધન્ય બન્યાનો કોઈ ભાવ એમના અવાજમાં નહોતો, તોપણ ઉત્સાહમાં આવી જઈ મેં પૂછ્યું, 'એમ ? કેવો લાગ્યો કાર્યક્રમ ?'

'કાર્યક્રમ તો ઠીક મારા ભાઈ ! પણ તમારા શર્ટની ડિઝાઈન સરસ છે. શા ભાવનું કાપડ છે ? રેડીમેઈડ છે ?' આવું સાંભળતી વખતેય આઘાત લાગે છે. સ્નેહીએ ટુચકાની ચોપડી કહી તેથી આઘાત તો લાગ્યો, પણ સ્નેહી સાથે ટુચકા અને હાસ્યનિબંધો વચ્ચેના તફાવતની ચર્ચા વ્યર્થ હતી એટલે મેં એ અંગે કશું ન કહ્યું, પણ એમનામાં સાહિત્યપ્રીતિ જગાવવા કહ્યું, 'અત્યારે સાહિત્ય પરિષદના પ્રાંગણમાં પુસ્તકમેળો ચાલી રહ્યો છે. મારી સાથે આવજો ને બીજાં પુસ્તકો પણ ખરીદજો. મારી ટુચકાની ચોપડી તો હું ભેટમાં આપીશ જ.'

'તે એ ભેટની ચોપડી જ મારે જોઈએ. કાળી મજૂરી કરીને કમાયેલા પૈસા પુસ્તકોમાં તે નંખાતા હશે !'

'પણ તમારે ક્યાં પૈસાનો તોટો છે ?'

'પૈસાનો સવાલ નથી. સિદ્ધાંતનો સવાલ છે.' સિદ્ધાંતની વાત સાંભળી મને નવાઈ લાગી. મેં કહ્યું, 'આમાં વળી શો સિદ્ધાંત ?'

'જુઓ, એક સિદ્ધાંત તરીકે ચોપડિયુંમાં પૈસા નંખાય જ નહિ. પૈસા આપી પસ્તી ઘરમાં લાવવી એના જેવું મૂર્ખામીભર્યું કામ આ જગતમાં બીજું એકેય નથી. પુસ્તક વાંચીને કોનું ભલું થયું છે ? પુસ્તક વાંચીને કોઈ સુધર્યું હોય એવો એક દાખલો બતાવો. આ તો તમે સ્નેહી છો. તમારી ચોપડી મફતમાં મળે તેમ છે ને પાછી ટુચકાની છે, એટલે ટાઈમપાસ માટે ગાડીમાં વાંચીશું. બાકી ધંધામાં મરવાનીય ફુરસદ કોને છે!'

'મરવાની ફુરસદ તો ક્યારેક તમારે કાઢવી જ પડશે.' એવું એક વચન મારી જીભે આવ્યું, પણ અમંગળ વાણી મેં ન ઉચ્ચારી.

પુસ્તકો બને ત્યાં સુધી વાંચવાં જ નહિ, ને વાંચવાં તો ખરીદીને તો વાંચવાં જ નહિ એવું ડહાપણ આપણે વગરપ્રયત્ને કેળવી લીધું છે.

ભેટયોજનાની અનેક સ્કીમો રોજ બહાર પડે છે. ટૂથબ્રશ, રમકડાંની મોટર, પ્લાસ્ટિકની થેલી વગેરે વસ્તુઓ અમુક-તમુક વસ્તુની ખરીદી પર ભેટ રૂપે મળે છે; પણ અમુક વસ્તુ લો તો ફલાણું પુસ્તક ભેટ મળશે એવી કોઈ યોજના હજુ જાણમાં આવી નથી. અમુક પ્રોગ્રામની મોંઘી ટિકિટ ખરીદશો તો અમુક અભિનેતા કે અભિનેત્રી સાથે બેસીને ભોજન લઈ શકશો એવી જાહેરાત થાય છે, પણ અમુક કવિ કે લેખક સાથે ભોજન લેવાની કોઈ જાહેરાત સાંભળી નથી. ઊલટું, કવિ કે લેખક જો લખીને ગુજરાન ચલાવવા માગતો હોય તો એને ખુદને જ ભોજનની વ્યવસ્થાનો પ્રશ્ન ઊભો થવાનો સંભવ છે. એક કવિનાં લગ્ન થયાં. નવોઢાએ કવિને કહ્યું, ‘કવિવર ! (વરકવિ પત્નીને કવિવર લાગતો હોય છે – ખાસ કરીને લગ્નજીવનના પ્રારંભે) મારે તમારી પાસે એકરાર કરવાનો છે.’

કવિએ કહ્યું, ‘પ્રિયે ! કહે, હું સાંભળવા બેકરાર છું.’

પેલીએ કહ્યું, ‘કવિવર ! મને ટેનિસ ને બૅડમિન્ટન રમતાં આવડે છે, ઘોડેસવારી પણ આવડે છે. પણ રાંધતાં નથી આવડતું.’

‘પ્રિયે ! તું નાહક ચિંતા કરે છે. હું કવિતા લખું છું અને એમાંથી થતી આવકમાંથી આપણે આપણું ગુજરાન ચલાવવાનું છે એટલે આપણે ત્યાં રાંધવાના ઝાઝા પ્રસંગો પણ આવવાના નથી.’

પુસ્તકો વેચાતાં નથી. એમાંય કવિતાનાં પુસ્તકો તો લગભગ વેચાતાં નથી. બકુલ ત્રિપાઠીએ એમના એક હાસ્યલેખમાં કોઈ કવિની વાત લખી છે. આ કવિએ લોન લઈને કાવ્યસંગ્રહ છપાવ્યો. થોડા વખત પછી એમના મિત્રે પૂછ્યું ‘કંઈ વેચાયું ?’

‘હા, ઘરવખરી.’ કવિએ જવાબ આપ્યો.

આપણા સમર્થ હાસ્યલેખક જ્યોતીન્દ્ર દવેએ પણ પુસ્તકો અને પુસ્તકાલયની વિરુદ્ધમાં એક લેખ લખ્યો છે. લેખનું શીર્ષક જ ‘પુસ્તકાલયની વિરુદ્ધમાં’ એવું છે. જ્યોતીન્દ્ર દવે સમર્થ હાસ્યલેખક તો હતા જ, પણ બહુ મોટા વિદ્વાન પણ હતા. આવા મોટા વિદ્વાન પણ પુસ્તકો અને પુસ્તકાલયની વિરુદ્ધમાં વિચારે; વિચારે એટલું જ નહિ, લેખ પણ લખે; લેખ લખે એટલું જ નહિ; લેખ છપાવે; લેખ છપાવે એટલું જ નહિ, પણ લેખનો પુસ્તકમાં પણ સમાવેશ કરે ! આ કેવું કહેવાય ! ‘પુસ્તકાલયની વિરુદ્ધમાં’ નામનો આ લેખ જે પુસ્તકમાં છે એ પુસ્તક ગુજરાતનાં લગભગ બધાં પુસ્તકાલયોમાં છે ! અમારા એક મિત્ર એ પુસ્તક એમના ગામના પુસ્તકાલયમાંથી લઈ આવેલા. એ પુસ્તકમાંથી એમણે આ ‘પુસ્તકાલયની વિરુદ્ધમાં’ નામનો લેખ વાંચ્યો તે પછી એ લેખની એમના પર એટલી બધી પ્રબળ અસર થઈ કે એ પુસ્તક એમણે પુસ્તકાલયને પાછું આપવાનું માંડી વાળ્યું ! જ્યોતીન્દ્ર દવે જેવા વિદ્વાનને મતે પુસ્તકાલયની જ જો જરૂર ન હોય તો પછી એ પુસ્તકાલયમાંથી લાવેલું પુસ્તક પાછું આપવાની શી જરૂર ! – આવો એમનો તર્ક હતો. પુસ્તકાલયોનાં તમામ પુસ્તકો ઘર ભેગાં કરવાં

જોઈએ અને પછી પસ્તીમાં આપી દેવાં જોઈએ એવું એમને લાગે છે. પસ્તીની આવકમાંથી હોટલમાં કેટલા દિવસ જમી શકાય એવો અંદાજ કાઢવામાં એમણે ઠીકઠીક સમય વ્યતીત કર્યો હતો.

હું કબૂલ કરું છું કે મારા ઘરમાં જેટલાં પુસ્તકો છે તેમાંથી મોટા ભાગનાં ભેટ રૂપે મળેલાં છે. કેટલાંક પુસ્તકો કોઈકનાં છે. એ પુસ્તકો કોનાં છે એ હું અને પુસ્તકોના માલિકો – બધા ભૂલી ગયા છીએ. એટલે મારી દાનત ખરાબ ન હોવા છતાં એ પુસ્તકો મારે ત્યાં રહી ગયાં છે. 'મનોમન સાક્ષી છે' એવી સંસ્કૃતમાં એક ઉક્તિ છે. આપણા મનમાં કરેલા વિચારો ટેલિપથીથી બીજાંઓ સુધી પહોંચી જાય છે એવું હવે આધુનિક વિજ્ઞાન પણ માને છે. વિજ્ઞાનની આ વાતમાં શ્રદ્ધા રાખી હું મનોમન અનેક વખત પુસ્તકોના માલિકોને ચેતવણીઓ આપું છું. કેટલીક વાર તો આપણી કેન્દ્ર સરકાર આતંકવાદીઓને આપે છે તેવી કડક ચેતવણીઓ પણ આપું છું કે તમારાં પુસ્તકો સમયસર પાછાં નહિ લઈ જાઓ તો હું પસ્તીમાં આપી દઈશ. આમ છતાં તેઓ ચેત્યા નથી એટલે એમ લાગે છે કે આ પુસ્તકો કાયમ માટે મારે ત્યાં રહી જશે. કેટલાંક પુસ્તકો મારાં ખરીદેલાં પણ છે. પરંતુ પુસ્તકો સાથે પુસ્તકો સાચવવા માટેનાં કબાટો પણ આપે એવા ઉદાર ગૃહસ્થો જન્મવાના હજુ બાકી છે એટલે આ ભેટમાં મળેલાં, રાખી પાડેલાં અથવા રહી ગયેલાં ને ખરીદેલાં એ બધાં પુસ્તકો રાખવા માટે મેં લાકડાનાં કબાટ કરાવ્યાં છે, એમાં ખાસ્સો ખર્ચ થયો છે. લાકડાના ભાવો લાકડા જેવા છે એ આપણે જાણીએ છીએ. આ કબાટ થતાં હતાં, ત્યારે પત્નીએ સુથારને કહેલું કે 'કબાટ એવાં બનાવજો કે તમારા ભાઈ ન હોય ત્યારે એમાં અમે બીજું કંઈક મૂકી શકીએ.' પત્નીને ન્યાય કરવા ખાતર કહેવું જોઈએ કે મારી નબળી તબિયત જોતાં આવું દીર્ઘદૃષ્ટિવાળું સૂચન અસ્થાને નહોતું. સુથારે પણ આ સૂચનનો યથાશક્તિ-યથામતિ અમલ કર્યો છે એટલું ઉમેરી, વિરમું.

**– રતિલાલ બોરીસાગર**

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન આકાર લઈ રહ્યું છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

ઑક્ટોબર મહિનામાં ૧ ઑક્ટોબરે 'આજનું કામ આજે', ૧૫ ઑક્ટોબરે 'સીદી ભાઈને સિદકા વહાલા', ૨૯ ઑક્ટોબરે 'સસલું થઈ ગયું સીધું' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ તથા ૮ ઑક્ટોબરે 'ખિસકોલીનો બડબડાટ', ૨૨ ઑક્ટોબરે 'અતિ લોભ વિનાશકારી' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

# નવા સંસદભવનમાં નવી ટેક્નોલોજી

ભારતના નવા સંસદભવનમાં યોજાયેલા વિશેષ સત્ર દ્વારા વિધિવત્ રીતે સંસદભવનમાં કામગીરી શરૂ થઈ. નવું સંસદભવન જૂની ઇમારત કરતાં ખૂબ અલગ અને વિવિધ સુવિધાથી સજ્જ છે. લોકસભા-રાજ્યસભાના સાંસદો માટે ખાસ સુવિધાજનક વ્યવસ્થા કરવામાં આવી છે અને તેની સાથે સંસદભવનમાં કાર્યરત અધિકારીઓ-કર્મચારીઓ માટેય અદ્યતન ટૅક્નૉલૉજી પ્રયોજવામાં આવી છે. આનાથી અધિકારીઓનું કામ વધુ સરળ બનશે. નવી ટૅક્નૉલૉજીથી સંસદીય કામગીરીમાં સરળતા અને સમયની બચત બંને થશે.

ચાર માળની આ ઇમારત સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત સલામત છે. આ સુરક્ષાવ્યવસ્થામાં ટૅક્નૉલૉજીનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો છે. નવા સંસદભવનમાં કુલ છ દરવાજા છે. એમાંથી અશ્વ, ગજ અને ગરુડ દરવાજામાંથી સ્પીકર, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને જ પ્રવેશ આપવામાં આવશે. એ દરવાજા પર તેમની ઑનલાઇન ઓળખ થશે અને પ્રવેશ મળશે. એ સિવાયનાં ત્રણ પ્રવેશદ્વાર - મકર, શાર્દૂલ અને હંસના માધ્યમથી સાંસદો, નાગરિકો અને પત્રકારોને પ્રવેશ અપાશે. બધાં પ્રવેશદ્વારમાં હાઈટેક સેન્સર્સ લગાવાયા છે અને એમાંથી પ્રવેશતાં કે નીકળતાંની સાથે જ મૅટલ સહિતનું સ્કેનિંગ થઈ જશે. આવનારા અને જનારાઓની ફેસ રિકગ્નિશન ટૅક્નૉલૉજીથી ઓળખ થશે. એ ઉપરાંત એક ડિજિટલ ઓળખકાર્ડ બનાવાયું છે, એ સ્કેન કરવાથી પણ સાંસદનું નામ, તેમની બેઠક વગેરેની માહિતી સુરક્ષાઅધિકારીને મળી જશે. આ ઓળખકાર્ડમાં સાંસદની હાજરીના દિવસો જેવી બાબતો પણ ઉમેરાશે અર્થાત્ એને સ્કેન કરવાથી આખો પૉર્ટફોલિયો મળી જશે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ સ્માર્ટકાર્ડના ડેટાને અનસ્ક્રિપ્ટેડ રખાશે. સેન્ટર ફોર એડવાન્સ કમ્પ્યૂટિંગ દ્વારા આ કાર્ડ તૈયાર કરાયાં છે.

કૅફે, અલગ અલગ ઑફિસ અને વિવિધ કૉન્ફરન્સ રૂમમાં પણ આ જ સ્કેનિંગની સુવિધા છે અને દરવાજાથી લઈને તમામ સ્થળોએ શક્તિશાળી સેન્સર્સ લાગેલા છે. આ બધાં સ્થળોએ વાઈ-ફાઈની સુવિધા મળતી રહેશે. કૅફેનું મેનુ સાંસદોને અને અધિકારીઓને કોઈ ફાઇવ-સ્ટાર હોટલમાં મળે છે એમ ઑનલાઇન મળી જશે અને બ્રેક પહેલાં ફૂડ-કૉફી-ચાનો ઑનલાઇન ઑર્ડર થઈ શકશે.

લોકસભા-રાજ્યસભાનું મુખ્ય કામ વિવિધ મુદ્દે ચર્ચા-વિચારણા કરવાનું, જુદા જુદા ખરડા અંગે વોટિંગ કરવાનું, વિભિન્ન બાબતોના સવાલ પૂછવાના અને એના જવાબો મેળવવાનું છે. આ કામકાજ આસાન બને એ માટે ટૅક્નૉલૉજી મદદે આવશે. વોટિંગ માટે દરેક સાંસદને બેઠક પર જ બાયૉમેટ્રિક વોટિંગની સવલત મળશે. એ ટૅક્નૉલૉજી પ્રમાણે માત્ર આંગળી સ્કેન કરીને જે તે મુદ્દે સાંસદ તરફેણમાં કે વિરુદ્ધમાં મતદાન કરી



**નવું સંસદભવન**

શકશે. સાંસદોની હાજરી ડિજિટલ ડિવાઇસથી પુરાશે. તેમના આવવા-જવાનો સમય સ્કેનિંગ સિસ્ટમમાં નોંધાઈ જશે. સાંસદો કેટલા કલાક ગૃહમાં હાજર રહ્યા, કેટલા કલાકો ગૃહ ચાલતું હોય ત્યારે બહાર ગયા અને કયા પ્રશ્નોની ચર્ચા કરવાનું ટાળ્યું છે એ તમામનો ડેટા વ્યવસ્થિત સચવાશે. પરિણામે સાંસદોની ગૃહમાં સરેરાશ હાજરીનું વિશ્લેષણ કરવાનું સરળ બનશે.

સાંસદોને હેડફોન પહેરતા આપણે જોઈએ છીએ. જૂના સંસદભવનમાં હેડફોન અને માઇક્રોફોનની સુવિધા હતી, પરંતુ નવા સંસદભવનમાં આ સુવિધા વધુ આધુનિક બની છે. દરેક સાંસદને હેડફોનમાં વૉલ્યુમ કંટ્રોલ કરવાની સવલત આપવા ઉપરાંત બેઠકમાં હાજર તમામ સભ્યોનો અવાજ વધુ સ્પષ્ટ કરવાની સગવડ મળી છે. ઘોંઘાટનો કંટ્રોલ થઈ શકે છે. વળી, લૅંગ્વેજ ઇન્ટરપ્રિટેશન ટૅક્નૉલૉજી પણ ઉપલબ્ધ છે. ૨૨ ભાષામાં ભાષણોનો અનુવાદ થઈ રહ્યો છે. સાંસદો અલગ અલગ રાજ્યની જુદી જુદી ભાષા જાણતા હોય, પરંતુ ઘણી વખત અંગ્રેજી-હિન્દીના અમુક શબ્દોનો અર્થ તેમને સમજાતો ન હોય, એવા કિસ્સામાં અનુવાદની ટૅક્નૉલૉજી મદદે આવશે. સાંસદો સ્પીકરની વાત પોતાની ભાષામાં સાંભળી શકશે. આ અનુવાદ તરત જ થશે, એના માટે અમુક મિનિટ સુધી રાહ જોવાની જરૂર નહીં પડે. આ ટૅક્નૉલૉજી સાંસદો માટે દુભાષિયાની ગરજ સારશે.

ડિજિટલ સંસદ એપ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી વિકસાવાઈ છે. એમાં રિઅલ ટાઇમ ટ્રાન્સક્રિપ્શન થઈ રહ્યું છે. સાંસદ કે સ્પીકર બોલે કે તરત એ ભાષણ જે તે ભાષામાં લખાઈ જશે. ઑટોમૅટિક સ્પીચ રિકગ્નિશનની એઆઈ સજ્જ એપ બધા જ શબ્દો નોંધતી રહેશે. અત્યારે આ કામ મેન્યુઅલી થાય છે અને સમય લાગે છે. તેના બદલે ભાષણનું ટ્રાન્સક્રિપ્શન કરવામાં ઝડપ આવશે.

આ ટેક્નૉલૉજીથી સંસદમાં થયેલી કાર્યવાહી, બોલાયેલા શબ્દોને શોધવાનું સરળ બનશે. તરત જ સવાલ-જવાબ સહિતની વિગતો પૉર્ટલમાં ઉપલબ્ધ બની જશે. અત્યારે પૉર્ટલમાં સવાલ-જવાબ એ જ દિવસે ઑનલાઇન કરી દેવાય છે, પરંતુ હવે થોડી મિનિટોમાં સંસદગૃહમાં કોઈ સાંસદે સવાલ કર્યો હશે અને તેનો જવાબ મળ્યો હશે એ બંને વાંચી શકાશે.

નવી ટૅક્નૉલૉજીથી સંસદનાં બંને ગૃહોમાં કામગીરી પેપરલેસ થશે. સાંસદોને કાઉન્ટર સવાલો કરવા હશે તો તેમને અપાયેલા વાઈ-ફાઈથી સજ્જ ટેબની નોટમાં લખી શકશે. સાંસદો ટાઇપ કરવાને બદલે વૉઇસ કમાન્ડથી પણ પોતાનું ભાષણ તૈયાર કરી શકશે. એ ભાષણના શબ્દોના આધારે સાંસદોને બ્રિફિંગ મળશે કે તેમનું ભાષણ કેટલી મિનિટ ચાલશે. એનાથી ફાયદો એ થશે કે તેમને ભાષણમાં ઉમેરો કરવાની કે ઘટાડો કરવાની સરળતા થશે.

સંસદભવનમાં હાજર સુરક્ષાજવાનોનો પણ ઑનલાઇન પૉર્ટફોલિયો તૈયાર થયો છે. સંસદભવન પહેલાં સુરક્ષા અધિકારીની ફરજ ક્યાં હતી અને એમાં શું રિમાર્ક મળ્યા છે તેમ જ રેકૉર્ડ કેવો રહ્યો છે એ બધી જ માહિતી ઑનલાઇન ડેટાબેઝમાં મળશે. જોકે, એનો એક્સેસ માત્ર ઑથૉરાઇઝ અધિકારીઓને જ આપવામાં આવશે.

આમ, નવા સંસદભવનમાં ભારતની લોકશાહીની પરંપરા સાથે ટૅક્નૉલૉજીનો અજબ સંયોગ રચાયો છે. સંસદભવન હાઈટેક થયું હોવાથી વધુ કાર્યક્ષમ બનશે. સંસદીય કામકાજ ઝડપી બને એવી આશા છે.

**– હર્ષ મેસવાણિયા**

---






છેલ્લાં ૩૩ વર્ષથી દેશ અને વિદેશના સર્જકોની સાહિત્યકૃતિ પ્રગટ કરનારું અને ગુજરાતીભાષી પ્રજાની વૈશ્વિક ચાહના મેળવનારું શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક.

**ગુર્જરી ડાયજેસ્ટ**

**ત્રણ વર્ષનું લવાજમ : રૂ. ૫૦૦/–**

---




પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.

**વિશ્વા**

**વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/–**

# ઘરઆંગણે આવે ગ્રંથાલય



પી. સુકુમારન

આજના ડિજિટલ યુગમાં આંગળીના ટેરવે તમને લગભગ તમામ ચીજવસ્તુઓ ઘરે બેઠાં મળી જાય છે અને સતત પરિવર્તન પામતા આ વિશ્વમાં સોશિયલ મીડિયા પર ઘણી માહિતી ઉપલબ્ધ છે. માધ્યમો તેનું સ્વરૂપ બદલી રહ્યાં છે. ટેલિવિઝનની સિરિયલ તમારી અનુકૂળતાએ જોઈ શકો છો, તો ઓટીટી પ્લૅટફૉર્મ પર ફિલ્મો આવી રહી છે. મુદ્રિત પુસ્તક, હવે મોબાઇલ, કિંડલ કે આઈપૅડમાં વાંચી શકાય છે. આવી પરિસ્થિતિમાં પ્રકાશકો કોઈ પુસ્તકની માત્ર બસો-ત્રણસો નકલો જ છાપે છે, તો બીજી બાજુ પુસ્તકાલયમાં વાચકોની સંખ્યા ઘટી રહી છે તેવી ફરિયાદો પણ સાંભળવા મળે છે. આવા સંજોગોમાં કોઈ પુસ્તકપ્રેમી મળી જાય, તો કેટલો બધો આનંદ થાય ! આવા એક પુસ્તકપ્રેમી છે પી.સુકુમારન, જેને સહુ 'વૉકિંગ લાઈબ્રેરિયન' તરીકે ઓળખે છે.

કેરળના અલાપુઝા જિલ્લામાં કરુવત્તા ગામમાં રહેતા પી. સુકુમારન છેલ્લા ચાર દાયકાથી કુમારપુરમ્ પબ્લિક લાઇબ્રેરીમાં ગ્રંથપાલ તરીકે કામ કરે છે. છેક ૧૯૫૦થી આ પુસ્તકાલય કાર્યરત છે. એક સમયે આ પુસ્તકાલયમાં વીસ હજારથી પણ વધુ પુસ્તકો હતાં, પરંતુ ૨૦૧૯માં કેરળમાં ભારે પૂર આવ્યું, ત્યારે એક મોટું ઝાડ પુસ્તકાલયના મકાન પર પડ્યું. એની છત તૂટી ગઈ અને આશરે છ હજાર પુસ્તકોને એટલું બધું નુકસાન થયું કે તે વાંચી શકાય એવી સ્થિતિમાં ન રહ્યાં. મકાનનું સમારકામ પણ કોરોના મહામારીને કારણે વિલંબમાં પડ્યું. આજે તે પુસ્તકાલય બે રૂમના બિલ્ડિંગમાં ચાલે છે. અહીં કેટલાંક અલભ્ય પુસ્તકો છે, જેને કેટલાક સંશોધકો શોધતાં શોધતાં આ પુસ્તકાલયમાં આવે છે, પરંતુ સુકુમારનને દુઃખ એ વાતનું છે કે એ સંશોધકોને અમે પૂરી સગવડ આપી શકતા નથી.

સમય જતાં પુસ્તકાલયમાં આવતા વાચકોની સંખ્યા ઓછી થવા લાગી, ત્યારે સુકુમારને લોકોના ઘરે પુસ્તકો આપવા જવાનું નક્કી કર્યું. તેણે વિચાર્યું કે એક પુસ્તકાલયને વાચકો જોઈએ અને લોકોને સારાં પુસ્તકો, જો લોકો પુસ્તકાલય સુધી ન આવતા હોય, તો પુસ્તકાલયે લોકો સુધી પહોંચવું જોઈએ. તેઓ રોજના બાર કિમી. ચાલીને પાંત્રીસ ઘરોમાં પુસ્તક પહોંચાડે છે. સુકુમારન દરરોજ સવારે સાડાઆઠ વાગ્યે પુસ્તકાલય પહોંચી જાય છે અને સાડાદસ વાગ્યે થેલામાં પુસ્તકો લઈને ઘરે ઘરે

પહોંચાડવા નીકળી પડે છે. પુસ્તકોની સાથે તેમનું ભોજન પણ હોય છે, કારણ કે તેઓ સાંજે ચાર વાગ્યે પાછા આવે છે. સાઇકલ ચલાવતાં આવડતું નથી અને અન્ય કોઈ વાહનનો ઉપયોગ કરવાને બદલે એ ચાલવાનું વધુ પસંદ કરે છે. એનું કારણ દર્શાવતાં સુકુમારન કહે છે કે તેઓ કૉલેજમાં અભ્યાસ કરતા હતા, ત્યારે ઘરે ઘરે જઈને વર્તમાનપત્ર આપવા જવાનું કામ કરતા. તે સમયે પણ ચાલતા જતા અને એનો એમને ક્યારેય થાક નથી લાગતો. તેઓ ચાલવાના લાભ દર્શાવતાં કહે છે કે તેને કારણે કુદરત સાથે રહેવા મળે છે. આસપાસની લીલોતરીની મજા માણી શકાય છે અને જનસંપર્ક પણ વધે છે.

અલાપુઝાની એસ.ડી. કૉલેજમાંથી અર્થશાસ્ત્ર સાથે સ્નાતકની ડિગ્રી મેળવનાર સુકુમારનના જીવનમાં અનેક મુશ્કેલીઓ આવી છે, પરંતુ એમના પુસ્તકપ્રેમે એમને પ્રસન્ન રાખ્યા છે. કેરળ સ્ટેટ લાઈબ્રેરી કાઉન્સિલ તરફથી પગાર પેટે એમને મહિને એકત્રીસસો રૂપિયા મળે છે અને પુસ્તકવેચાણમાંથી ત્રીસ ટકા કમિશન મળે છે. ભાડાના મકાનમાં રહેતા સુકુમારનની ઇચ્છા રહેતી કે પોતાનું એક ઘર હોય, પરંતુ એમના બાર વર્ષના દીકરાને ઓટીઝમ હોવાથી એની સારવારમાં જ ઘણો ખર્ચ થઈ જાય છે, પરંતુ તેઓ કહે છે કે આજે તે જે કંઈ છે, તેનાથી એ ખુશ છે. પોતાના કામ પ્રત્યે સમર્પિત સુકુમારનને દરરોજ ચાલવામાં અને વાચકો સાથે વાત કરવામાં એટલો આનંદ આવે છે કે તેઓ પોતાની મુશ્કેલીઓને ભૂલી જાય છે. તેઓ જ્યારે પુસ્તકો આપવા જાય છે, ત્યારે પુસ્તકાલયના મંત્રી અને તેમના મોટા ભાઈ પી. ગોપાલન પુસ્તકાલયનું ધ્યાન રાખે છે.

સુકુમારન પોતાના આ કાર્ય દ્વારા લોકોને પુસ્તકનું મહત્ત્વ અને વાંચનની ટેવ વિશે સમજાવવા માગે છે. તેઓ પોતે યુવાનીમાં રોજના અગિયાર વર્તમાનપત્રો વાંચતા હતા. વાંચવાથી બુદ્ધિનો વિકાસ થાય છે, વિશ્વને સારી રીતે સમજી શકાય છે અને ઉમદા માનવી બની શકાય છે. આવું માનનાર સુકુમારનના વાચકોમાં બાળકો અને સ્ત્રીઓ વિશેષ છે. તેઓ વાચકોના ઘેર જઈને માત્ર પુસ્તક જ પહોંચાડતા નથી, પરંતુ એમની સાથે ઘણી વાતો કરે છે. કયાં પુસ્તકો વાંચવા જેવાં છે તેનું સૂચન પણ કરે છે અને કયા વાચકને કયું પુસ્તક પસંદ પડશે તેની સારી સૂઝ પણ તેઓ ધરાવે છે. તેઓ જ્યારે પુસ્તક આપવા જાય છે, ત્યારે તેમની સાથે થોડો સમય બેસીને તે અંગે ચર્ચા પણ કરે છે. ખાસ કરીને બાળકો સાથે વાતો કરતાં કરતાં તેમને પ્રશ્નો પણ પૂછે કે જેથી બાળકોએ પુસ્તક બરાબર વાંચ્યું છે કે નહીં અને વાંચ્યા પછી બરાબર સમજ્યાં છે કે નહીં તેની ખબર પડે.

કેરળ સ્ટેટ લાઈબ્રેરી કાઉન્સિલના સભ્યોએ ૨૦૧૯માં સુકુમારનને આઈ.વી. દાસ મેમોરિયલ ઍવૉર્ડ આપીને તેમના કામ પ્રત્યેની નિષ્ઠા અને સમર્પણશીલતાનું સન્માન કર્યું. તેમની ઇચ્છા છે કે વધુ ને વધુ લોકો વાંચતા થાય, કારણ કે વાંચનમાંથી પ્રેરણા મેળવીને માનવીય મૂલ્યોથી હર્યોભર્યો સમાજ રચાય છે.

**- પ્રીતિ શાહ**

# સમયની નજાકત પારખવી એ પણ એક કળા જ છે!

સમય પોતાની સાથે કંઈક ને કંઈક લાવતો હોય છે. દરેક ક્ષણ ભરેલી હોય છે. પ્રત્યેક ક્ષણની એક નજાકત હોય છે. દરેક ક્ષણની માવજત કરવાની જેને ફાવટ છે એની લાઇફ મજેદાર રહે છે. આંખના એકેએક પલકારામાં અનોખો અહેસાસ હોય છે. સમય આપણી સામે જે ધરતો રહે છે તેને આપણે કેટલું ઝીલીએ છીએ ? કેટલું જીવીએ છીએ ? કોઈ ક્ષણ ભારે હોય છે તો કોઈ ક્ષણ હળવી હોય છે. ક્ષણ ક્યારેક કણની હોય છે તો ક્યારેક મણની હોય છે. ક્ષણ ક્યારેક આનંદ લઈને આવે છે તો ક્યારેક ઉદાસી આંજીને આવે છે. કોઈ ક્ષણમાં નિસાસો હોય છે તો કોઈ ક્ષણમાં દિલાસો હોય છે. સાચો સંવેદનશીલ માણસ એ છે જે ક્ષણને સાચવી જાણે છે, ક્ષણને પારખી જાણે છે, ક્ષણને જીવી જાણે છે અને ક્ષણને માણી જાણે છે. આપણા બધામાં સંવેદના તો હોય જ છે, પણ એ સંવેદના જો સમયને સમજી ન જાણે તો સાર્થક સાબિત થતી નથી. પ્રેમ, લાગણી, ઉષ્મા, સ્નેહ એ બીજું કંઈ નથી પણ રાઇટ ટાઇમે વ્યક્ત થતી ફીલિંગ્સ છે. એક ક્ષણ એવી આવે છે જ્યારે આપણું વર્તન બોલકું બની જાય છે. એ ક્ષણમાં કાં તો છલકાઈ જવાનું હોય છે અને કાં તો નિચોવાઈ જવાનું હોય છે.

જિંદગીની કેટલીક ક્ષણો બહુ નાજુક હોય છે. કંઈક છૂટતું હોય, કંઈક તૂટતું હોય, કંઈક ખૂટતું હોય ત્યારે આપણું મન કંઈક ઝંખતું હોય છે. મારી વ્યક્તિ મને સાચવી લે. ક્યારેક થોડાક શબ્દોની તરસ ઊઠે છે. મારી વ્યક્તિ એટલું બોલે કે, કંઈ ચિંતા ન કર, બધું સરખું થઈ રહેશે. અમુક વખતે શબ્દોની નહીં પણ સાંત્વનાની આવશ્યકતા હોય છે. એવા સમયે મૌન બોલકું બની જતું હોય છે. પીઠ પર પસરતો કે માથા પર ફરતો હાથ આખી ડિક્શનરીની ગરજ સારી દે છે. ક્યારેક મસ્તી આપણી હસ્તીને છતી કરી દે છે. નખરાં ક્યારેક અસ્તિત્વને તરબતર કરી દે છે. રોમાંચ અને રોમાન્સ એક ક્ષણમાં જ વર્તાય છે. આપણી વ્યક્તિને આપણે ગળાડૂબ પ્રેમ કરતા હોઈએ તોપણ આખો દિવસ આપણે કંઈ પ્રેમ કરતા હોતા નથી, એક-બે ક્ષણ એવી હોય છે જ્યારે પ્રેમ જાણે આખી જિંદગીનો હોય એવો વર્તાઈ આવે છે. એક પ્રેમી અને પ્રેમિકા હતાં. બંને ગાર્ડનમાં બેઠાં હતાં. અચાનક વરસાદ વરસવો શરૂ થયો. પ્રેમી ઊભો થઈ વરસાદથી બચવા માટે ઝાડ તરફ જવા લાગ્યો. એ જ સમયે પ્રેમિકા પલળવાના ઇરાદાથી ઊભી થઈને ઝૂમવા લાગી. પ્રેમીએ બીજી જ ક્ષણે ઇરાદો બદલી નાખ્યો અને પ્રેમિકા સાથે વરસાદમાં ઝૂમવા લાગ્યો. ઓગળી જવાની એક ક્ષણ હોય છે. પીગળતાં આવડે એને જડતા સ્પર્શતી નથી. તમારી વ્યક્તિની આંખ તમને વાંચતાં આવડે છે ? આંખો બોલતી હોય છે. મને આ સમયે તું જોઈએ છે. તને વળગી જવાનું મન થાય છે. તારો હાથ હાથમાં લઈને દોડવાનું મન થાય છે. દર વખતે સારું જ થાય એવું જરૂરી નથી. ક્યારેક રડી લેવાનું મન થાય છે, એવા સમયે ખભો હોય તો હળવા થવામાં વાર નથી લાગતી.

આપણે ઘણી વખત આપણી વ્યક્તિને હળવાશમાં એવું કહેતા હોઈએ છીએ કે, તને તો હું રગેરગથી જાણું છું. ખરેખર આપણી વ્યક્તિને આપણે ક્ષણેક્ષણથી કેટલી જાણતા હોઈએ છીએ ? એક પતિ-પત્ની હતાં. બહાર વાતાવરણ ખુશનુમા હતું. પત્ની પોતાના મસ્ત મૂડમાં હતી. બરાબર એ જ સમયે પતિએ કહ્યું, 'મસ્ત વેધર છે, ચાલ બહાર ચક્કર મારવા જઈએ.' પત્ની બોલી, 'તને કેવી રીતે ખબર પડી ગઈ કે, મને બહાર જવાનું જ મન થતું હતું ?' પતિએ કહ્યું, 'તારી આંખો બહુ બોલકી છે. મને કહી દે છે.' પત્નીએ કહ્યું કે, 'કેટલું સારું છે, મારી બોલકી આંખોની ભાષા તું સાંભળી લે છે !' પ્રેમમાં પોતાની વ્યક્તિના વિચારો વાંચવાની પણ તાકાત હોય છે, શરત માત્ર એટલી જ હોય છે કે પ્રેમ એ કક્ષાનો હોવો જાઈએ. શ્વાસની રિધમમાં સંગીત અનુભવાય છે. લોહી સાથે સંવેદના ફરતી અને મહેકતી રહે છે. બસ, પ્રેમની કક્ષા મેઇન્ટેન થવી જોઈએ. હા, પ્રેમ કાયમ માટે એકસરખો રહેતો નથી પણ અહેસાસ સરખો રહે તો પૂરતું છે. દરેક વખતે આપણે નજીક હોતા નથી પણ પાસે હાઈએ તો પૂરતું છે. હાથ હાથમાં ન હોય તોપણ સાથ વર્તાય એ પ્રેમ છે. એ મારી છે કે એ મારો છે એટલો અહેસાસ હોય એ પૂરતું છે. દરેક વખતે બોલવાની પણ જરૂર નથી. હું તને પ્રેમ કરું છું એ દરેક વખતે આપણે સાંભળવું હોતું નથી, અનુભવવું હોય છે. એક પ્રેમીએ પ્રેમિકાને કહ્યું કે, 'હું તને બહુ પ્રેમ કરું છું.' આ સાંભળીને પ્રેમિકાએ કહ્યું કે, 'તું કહે છે પણ મને એવું લાગતું કેમ નથી ? તારા વર્તનમાં દેખાતું કેમ નથી ? મને એવું ફીલ કેમ નથી થતું કે, તું મને પ્રેમ કરે છે ? જ્યારે એ વર્તાશે ત્યારે તારે બોલવાની જરૂર જ નહીં રહે !'

પ્રેમને જાળવવો છે તો ક્ષણને સાચવી લો. એક કપલની વાત છે. સરસ વરસાદ વરસતો હતો. વાતાવરણમાં એક ગજબની ઠંડક વર્તાતી હતી. પત્નીએ કહ્યું કે, 'યાર, મકાઈનો ડોડો ખાવાનું મન થાય છે.' પતિએ કોઈ રિસ્પૉન્સ આપ્યો નહીં. સમય વીતી ગયો. બીજા દિવસે ઑફિસથી આવતી વખતે પતિ મકાઈના ડોડા લઈ આવ્યો. પત્નીને કહ્યું, 'તને ડોડા ખાવાનું મન હતું ને ? ચાલ ખાઈએ. પત્નીએ કહ્યું કે, 'તને સમયની નજાકત પારખતાં જ નથી આવડતું. ડોડો ખાવાનું મન કાલે હતું. હવે નથી. સમય એ જ હોય છે, પણ મૂડ બદલાતો રહે છે. તું વરસે છે, પણ મારે જ્યારે પલળવું હોતું નથી ત્યારે; તું બોલે છે, પણ મારે સાંભળવું હોતું નથી ત્યારે; તું હોય છે, પણ મારે જ્યારે જરૂર નથી હોતી ત્યારે ! એવું જરાયે નથી કે તને પ્રેમ નથી પણ તારે બધું તારા સમયે અને તારા મૂડ પ્રમાણે કરવું હોય છે. પાણીની જરૂર તરસ લાગે ત્યારે જ હોય છે. તરસ ન હોય ત્યારે તું હોજ લઈને હાજર રહે એનો શું મતલબ છે ? તરસ હતી ત્યારે એક ટીપું આપ્યું હોત તોપણ હું તરબતર થઈ જાત.'

પ્રેમ પોતાની મરજી હોય ત્યારે નહીં પણ પોતાની વ્યક્તિની ઇચ્છાને પારખીને થવો જોઈએ. એક પતિ-પત્ની હતાં. એક સાંજે પત્નીએ કહ્યું કે, 'ચાલ જમી લઈએ, મને બહુ ભૂખ લાગી છે.' પતિને જરાયે ભૂખ નહોતી. પતિએ કહ્યું, 'ચાલ જમી લઈએ !' પતિ ધીમે ધીમે ખાતો હતો. પત્નીએ કહ્યું કે, 'તને ભૂખ લાગી નહોતી ને ?' પતિએ કહ્યું, 'પણ તને લાગી હતી ને !' પ્રેમ નાની નાની વાતોમાં જ વ્યક્ત થતો હોય છે.

**(અનુસંધાન ૩૨મા પાને)**

# પૅરામેટ્રિક સ્થાપત્ય

જાણે સ્થાપત્યના ક્ષેત્રમાં રોજ નિતનવીન વાતો ઊભરે છે. આ હવે નવું વલણ પ્રચલિત થતું જાય છે, તે છે પૅરામેટ્રિક સ્થાપત્ય - તેને પારમિતીય સ્થાપત્ય પણ કહી શકાય. અહીં એક એવા ‘સાધન’ને આધાર-સામગ્રી આપવામાં આવે છે જે સાધન સૌથી વધુ ઇચ્છનીય પરિણામ કયું હોય તે સૂચવે છે. આમ તો આ વલણ લાંબા સમય બાદ સ્થાપત્યના વ્યવસાય માટે જ ખતરાની ઘંટી વગાડશે, પણ અત્યારે તો તેને ઉમળકાભેર અપનાવાય છે.

મારા વિદ્યાર્થીઓને ઘણાં વર્ષો પહેલાંથી જ હું એમ કહેતો કે ભવિષ્યમાં કમ્પ્યૂટર માટે એવું સૉફ્ટવૅર વિકસાવવામાં આવશે કે જેમાં તમે જમીન તથા તેનાં માપ, જરૂરિયાત મુજબના કાર્ય-સ્થાન, સ્થાનિક આબોહવા, ખર્ચનો અંદાજ, સામગ્રીની પસંદગી, ઇચ્છિત દેખાવ, સ્થાનિક કાયદા જેવી બાબતો ફીડ કરશો તો મકાનના પ્લાન કમ્પ્યૂટર જાતે બનાવીને તમને સૂચન કરશે. આ જ પૅરામેટ્રિક સ્થાપત્યની મૂળ પ્રભાવના થઈ. આ તો એમ થયું કે કમ્પ્યૂટરમાં તમે તમારા રોગનાં લક્ષણો, તમારી ઉંમર તથા રોગોનો ઇતિહાસ અને લોહી વગેરેના રિપોર્ટનો ડેટા ફીડ કરો તો તે કમ્પ્યૂટર જ તમને જણાવી દે કે તમારે કઈ દવા કેવી રીતે લેવાની છે - કે તમારે વાઢકાપ માટે ક્યારે જવું પડશે.

પૅરામેટ્રિક સ્થાપત્ય માટે સૉફ્ટવૅર ડેવલપ થયાં છે અને જરૂરિયાત મુજબ નવાં નવાં સૉફ્ટવૅર ડેવલપ થતાં જ રહે છે. આ પદ્ધતિમાં અલ્ગોરિધમ પ્રમાણે ઇચ્છનીય રચના સૂચિત થાય છે. આમ તો સન ૧૯૯૦ના દાયકામાં આ રીત અમલમાં આવી ચૂકી હતી પણ તેનો વ્યાપ મર્યાદિત હતો. અહીં પૂરક ડેટાના પ્રમાણે સ્થાપત્યનાં અગત્યનાં પાસાં, તેનાં અંગો તથા તેની તકનીકી બાબતો નક્કી થતી જાય છે. અહીં સ્થપતિ નહીં પણ ‘સાધન’ નક્કી કરે છે કે મકાન કેવું બનાવવું જોઈએ.

અહીં આ સાધનનું નિર્ધારણ અગત્યનું ગણાય. દરેક સાધન દરેક જવાબ ન આપી શકે. મકાનના આકાર માટેના સાધનમાં તેનું જ સૂચન થાય અને બારી-બારણાં માટે જુદું જ સાધન બનાવવું પડે. પણ હવે વધુ વ્યાપક અને સમાવિષ્ટીય સાધન વિકસાવાઈ રહ્યાં છે. પૅરામેટ્રિક સ્થાપત્યનો મૂળ હેતુ આમ તો જટિલ તકનીકી બાબતોનો ઉકેલ લાવવાનો હતો પણ સમય જતાં તેના વધુ ફાયદા જણાતાં તેનો વ્યાપ વધતો ગયો.

સ્થાપત્યમાં આવા સાધનના ઉપયોગથી સમય બચે. કામમાં ચોકસાઈ આવે. જે પરિણામ સાધન દ્વારા સૂચવવામાં આવે તે પરિણામ જાણે સ્વયંસિદ્ધ હોય. અહીં કામ ઝડપથી પણ થાય. આવું સાધન વધારે જટિલ પરિસ્થિતિનો ઉકેલ પણ ‘વિશ્વાસપૂર્વક’ આપી શકે. અહીં રચનામાં પણ એક પ્રકારે સ્વચ્છ-સુઘડનો ભાવ ઊભરે. આવા કાયદા સામેના ગેરફાયદામાં મુખ્યત્વે એ ગણી શકાય કે આમાં માનવીય નિર્ણયો ગૌણ થતા જાય. અહીં મકાનની રચના સ્થપતિ નહીં પણ સાધન નિર્ધારિત કરે. આમાં જે



ત્રિપરિમાણીય
જાળીદાર મકાન

માહિતીની પુરવણી  કરવાની હોય તેમાં પહેલેથી જ ચોકસાઈ અને નિશ્ચિતતા જોઈએ. 'પાછળથી જોઈ લઈશું'નો અભિગમ અહીં ન ચાલે. અહીં બાંધકામની સાધન-સામગ્રીમાં પણ મર્યાદાઓ આવે.  અહીં સ્થાપત્યનું કાર્યક્ષેત્ર પણ સીમિત થાય. આ પ્રકારની રચનામાં માનવીય સંવેદનાઓ સામે અલ્ગોરિધમ હાવી થઈ જાય. છતાં પણ તેમાં સંવેદનાઓ માટે ચોક્કસ સાધનયુક્ત બાબતો વણી પણ શકાય.

આ પ્રકારની રચના માટે પહેલાં યાંત્રિક માળખું તૈયાર કરાતું જેમાં લટકતી દોરીઓ પર અલગ અલગ માત્રામાં વજન લાગુ કરી મકાનનો ઇચ્છિત આકાર નિર્ધારિત થતો. હવે તો વિજ્ઞાન ઘણું આગળ વધી ગયું છે.

પૅરામેટ્રિક સ્થાપત્યની બે શાખા ગણાય છે. એમાંની એકમાં નિર્ધારિત માહિતીની પુરવણી કરવામાં આવે છે અને ઇચ્છિત ઉકેલ સાધનમાંથી ઊભરે છે. આ પ્રોપેગેશન-પ્રસાર આધારિત રીતમાં અલ્ગોરિધમ મકાનનું માળખું તથા આકાર નક્કી કરે. અન્ય કન્સટ્રેઇન - અંકુશિત પ્રકારમાં ઇચ્છિત આકાર પણ સાધનને જણાવવામાં આવે છે જે મૂળભૂત માળખાકીય રચનાનું સૂચન કરે. પ્રસાર શાખામાં પરિણામ શું આવશે - કેવો આકાર ઊભરશે તે નક્કી નથી હોતું જ્યારે અંકુશિત શાખામાં સ્થપતિ પોતાની સંવેદનશીલતા તથા સર્જનાત્મકતાને આધારે એ નક્કી કરી શકે કે માળખાગત રચનાનો આકાર કેવો હોવો જોઈએ. પહેલી શાખામાં રચનાના હેતુ સ્પષ્ટ હોવા જોઈએ, જ્યારે બીજામાં ઇચ્છિત આકાર માટે ખાસ સૂચન હોવું જરૂરી ગણાય.


સ્થાપત્યના ક્ષેત્રમાં ઊંડા ઊતરતાં જણાશે કે કેટલાંક મકાનોને વિવેચકો જે પૅરામેટ્રિકમાં ગણે છે તેને અન્ય કેટલાક વિવેચકો 'બ્લૉબીટૅક્સ્ચર' શૈલીનાં ગણે છે. આ બંને સાચાં છે, કારણ કે બ્લૉબીટૅક્સ્ચરનો આધાર તો પૅરામેટ્રિક જ છે.

સ્થપતિ માટે આ એક સારી શૈલી છે. સ્થાપત્યમાં નવીનતા લાવવી કઠિન છે. તે કળા હોવા સાથે વિજ્ઞાન અને ઇજનેરી બાબતોનો સમન્વય હોવાથી તેનાં સર્જનમાં મર્યાદાઓ આવે તે સ્વાભાવિક છે. આવા સંજોગોમાં પૅરામેટ્રિક સ્થાપત્યએ જાણે નવી સંભાવનાઓનો વ્યાપ અપાર માત્રામાં વધારી દીધો છે. હવે સ્થપતિ જટિલ તથા સાવ જ નવીન અભિગમ માટે મૂંઝવણ નથી અનુભવતો.

**– હેમંત વાળા**

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા

# અસ્મિતા વિશેષ સંવાદ



**(૩૯) શ્રી અમૃત ગંગર :**

ફિલ્મ, નાટક કે રંગમંચીય કલાઓ અંગે આપણે ત્યાં સંશોધનપૂર્વક બહુ ખેડાણ થયું નથી અથવા તો ખૂબ જ ઓછું થયું છે, ત્યારે મૂળ કચ્છના અને હવે ભારતભરમાં પોતાના ઊંડાણભર્યા કાર્યથી પ્રસિદ્ધ શ્રી અમૃત ગંગર સાથે દીર્ઘ સંવાદ કરવાનો મોકો મળ્યો. તેઓએ દિલથી થિયેટરના પ્રત્યેક પાસાની છણાવટ કરી. એના થોડાક અંશો અહીં આગોતરા જાણીએ :

એ સમયે તો ગાંઠના પૈસા ખર્ચવા પડતા હતા. કોઈ મને આર્થિક મદદ કરનારું ન હતું. એક મશરૂવાળા કરીને મુંબઈ યુનિવર્સિટીના ઈકૉનૉમિક ડિપાર્ટમેન્ટના એક ડીન હતા. કદાચ કિશોરલાલ મશરૂવાળાના કુટુંબીજન હતા. તેઓ મને જ્યારે મળે ત્યારે એના ખિસ્સામાં જેટલા પૈસા હોય - બસો રૂપિયા કે ત્રણસો રૂપિયા હોય એ મારા ખિસ્સામાં મૂકી દે. કહે, 'તું રાખ, તને કામ આવશે. પ્રોગ્રામ નોટ બનાવે છે, તું આટલું કામ કરે છે, પણ તારી પાસે પૈસા નથી, તું રાખી લે...' જબરજસ્તી મને આપે. આ રીતે બધું ચાલ્યું અને અમે ઘણાં પુસ્તકો પ્રગટ કર્યાં છે. ખરેખર તો ફકીરીમાં જ કામ થાય છે. તમારી પાસે કરોડો કે અબજો રૂપિયા હોય, પણ કબીર થવું હોય, તો એમાં વણાટકામ કરવું પડે અને દોહા ત્યારે જ રચાય. આ ફકીરાઈ કે ફકીરી ન હોય તો કશું ન થાય.

અંદરની ભૂખ હોય છે ને એ ક્યારેક તમને જીવનમાં કામ આવે છે. થયું એવું કે જ્યારે હું લાર્સન ઍન્ડ ટુબ્રોમાં હતો, ત્યારે તેમાં એક-બે મહિલા ડેનમાર્કનાં હતાં, કારણ કે લાર્સન ઍન્ડ ટુબ્રો ડેનિસ કંપની હતી. પવઈમાં અમારી ઑફિસ હતી. બંને બહેનો પૂછી પૂછીને આવી ગઈ. કોઈકને તો એણે પૂછ્યું હશે કે આ કામ અમને કોણ કરી આપે ? તો એણે મારું નામ સૂચવ્યું. એમનું કામ હતું મહાલક્ષ્મી મંદિર પર સંશોધન કરવાનું. તે પછી મને સાંજના તાજ હોટલમાં ડિનર માટે બોલાવ્યો, પછી બધી વાતો થઈ અને એમને કંઈક મારી વાતો પર વિશ્વાસ બેઠો હશે તો એ કામ મને સોંપીને ગઈ અને એક નાની પુસ્તિકા આપી કે આનો અંગ્રેજી અનુવાદ કરીને અમને મોકલી દેજો. એ પુસ્તિકા ગુજરાતીમાં હતી. મેં અનુવાદ કરીને મોકલ્યો એટલે એમને પહેલાં વિશ્વાસ ન થયો, કારણ કે ભારતીયો પર વિશ્વાસ ઓછો હોય. એ વખત એવો હતો કે આપણે

સમયના પાકા ન હોઈએ. સમય આપ્યો હોય તો જઈએ નહીં, સમય પર કંઈ વચન આપ્યું હોય તો પાળીએ નહીં - આ એક ભારતીયની છાપ હતી, પણ છતાં આ બહેનોએ એક જોખમ લઈને મને કામ સોંપ્યું. અને મેં થોડા મહિનામાં મૅટર મોકલી આપ્યું. એમનો એક પત્ર આવ્યો કે, અમે તમને ડેનમાર્ક બોલાવવા માંગીએ છીએ. અમારી પાસે બહુ પૈસા નથી. તમે બંને જણા (મારી પત્ની અને હું) આવી શકશો, તો આટલા અમે તમને આપી શકીએ બહુ નાની રકમ હતી. ત્યારે અમે દિલ્હીથી ઍરોફ્લોટ(જે રશિયન વિમાન ચાલે તો ધન ધન ધન રિક્ષા કેમ રોડ પર ચાલે એવું લાગે.)માં બેઠાં. મુંબઈથી દિલ્હી ટ્રેનમાં ગયાં અને પછી પ્લેનમાં ગયાં. એ પહેલી મુલાકાત અમારી. આ ફળ્યું. મારું કામ જ હતું આ... જો તમે નિષ્ઠાપૂર્વક, બુદ્ધિપૂર્વક હૃદયથી કામ કરેલું હોય તો ક્યાંક ને ક્યાંક તમને કામ આવે છે.

અને પછી મારું તો ગાડું ચાલ્યું. પછી મેં નોકરી છોડી દીધી. પછી હું આના પર જ હતો. મને પ્રોજેક્ટ આવતા ગયા. કોઈ ઇન્સ્ટોલેશનના હોય, પ્રોડક્શનના હોય, લખાણ લખવાના હોય કે સ્કેન્ડિનેવિયન પ્રોજેક્ટ. આ બધા પર કામ કર્યું છે. મેં ઘણા યુરોપિયન પ્રોજેક્ટ પર કામ કર્યું છે અને લગભગ આખું યુરોપ ફરી વળ્યો. ઈરાન જવાનું ત્રણ-ચાર વાર થયું છે. લગભગ ઈરાન જોઈ લીધું. જ્યુરી પર હોય એટલે તમને સુંદર હોસ્ટ માને. તમારી સારી રીતે મહેમાનગતિ કરી શકે. યજમાન અમને બધે લઈ ગયા. જે સિરાઝ અને ઈરાનનાં ઐતિહાસિક શહેરો છે. એવી જ રીતે સ્કેન્ડિનેવિયા, નૉર્વે, ડેનમાર્ક, ફિનલૅન્ડ, સ્વિટ્ઝર્લૅન્ડ – એ બધા દેશોમાં અમે સારી રીતે રહ્યાં. અમેરિકા ગયો તો યેલ યુનિવર્સિટીએ મને આમંત્રણ આપેલું. યેલ એટલે બેસ્ટ યુનિવર્સિટી, ત્યારે હું એક રિસર્ચ કરતો હતો. એક ઑલ ઇન્ડિયા રેડિયોનું પેલું સિગ્નેચર ટ્યૂન છે ને જે સવારના વાગે છે એના પર હું કામ કરતો હતો. અમેરિકામાં હતો એટલે મને થયું કે જો ક્યાંક રહેવાનું મળે તો થોડું રિસર્ચ આગળ ધપાવું. મારા મિત્રને ઘરે કનેક્ટિકટમાં રહ્યો. તો ત્યાં 'વોલ્ટર કાફમેન' પર પુસ્તક લખ્યું. વોલ્ટર કાફમેન was the composer of the signature tune ઍન્ડ not maheli maheta !! ત્યાં સુધી એમ જ મનાતું હતું કે, આ ઝુબીન મહેતાના પિતાએ કર્યું છે. પણ કાશ્મીરમાં ઝુબીન મહેતાની કૉન્સર્ટ હતી, ત્યારે એમણે જાહેરમાં કહેલું કે, આ વોલ્ટર કાફમેનનું કમ્પોઝિશન છે, જે ઑલ ઇન્ડિયા રેડિયોનું સિગ્નેચર ટ્યૂન છે, મારા પિતાજીએ એમાં વાયોલિન વગાડ્યું છે અને ત્યાં જે મ્યુઝિકોલૉજિસ્ટ અને કમ્પોઝર વોલ્ટર કાફમેન ભણાવતા હતા એ ઇન્ડિયાના યુનિવર્સિટીમાં હું ગયો. ત્યાંના વ્યવસ્થાપકે તો બૉક્સના બૉક્સ મારા ટેબલ પર મૂકી દીધાં. કાર્ટન બૉક્સમાં એ બધા કાગળો જોતો હતો. એમાં એક કાગળ મને મળ્યો મધુસૂદન ઢાંકીનો !! વિચાર કરો, તમે બ્લ્યુમિન્ગટન અને ત્યાં મધુસૂદન ઢાંકી નીકળે !! ત્યારે મેં એમને ઈમેઇલ કર્યો : ઢાંકીસાહેબ, તમારો પત્ર મને અહીં મળ્યો. ઘણી બધી મહેનત કર્યા પછી મારું આ પુસ્તક બન્યું. ફર્સ્ટ ટાઈમ વનરાજ ભાટિયાએ એનું વિમોચન કર્યું હતું, એમની સહી પણ છે. વનરાજ ભાટિયાના અક્ષર છે, આમ તો કચ્છના અમારા માંડવીના ભાટિયા પણ મોટા કમ્પોઝર કહેવાય. વનરાજભાઈ વોલ્ટર કાફમેનના મિત્ર થાય.. જ્યારે તમારા મૂળમાં કંઈક રોપ્યું હોય ને ત્યારે આવું કશુંક થાય છે.

**(૪૦) શ્રી રાહુલ શુક્લ :**



અસ્મિતા વિશેષ સંવાદ દરમિયાન એવાં નોખાં અનોખાં વ્યક્તિત્વોને મળવાનું થાય છે કે આપણને સર્જનહાર ઉપર વારી જવાનું મન થાય. શ્રી રાહુલ શુક્લ સાથેના હળવા છતાં માર્મિક સંવાદમાંથી તો જીવનના કેટકેટલાય આયામો સામેનાં પડળ ખૂલી ગયાં. એક વ્યક્તિ પોતાના વતન માટે, માતૃભૂમિ માટે હૃદયથી કેટલો ભાવુક હોય છે !! રાહુલ શુક્લની વાતોમાં નિજી મૂલ્યવ્યવસ્થાનો રણકો સાંભળવા મળ્યો. આવો, તેમના જ કેટલાક શબ્દોને સાંભળીએ-

'હું ૧૪૦૦ ડૉલરની લોન લઈને અમેરિકા ભણવા ગયો હતો. મારા પિતા બહુ જ ઇન્ટરએક્ચ્યુઅલ વ્યક્તિ, પણ પૈસા કમાવાનું એમને ક્યારેય આવડ્યું નહીં. પૈસા તો હતા નહીં, પણ એમની ખૂબ ઇચ્છા કે હું પરદેશ જઈને ભણું. ભણવા કરતાં એ કહે કે તું દુનિયાને જો અને દુનિયાને સમજ. તો પછી ૧૪૦૦ ડૉલરની લોન લઈને હું અમેરિકા ગયો અને કારમી ગરીબી. કારણ કે કૉલેજની ફી વગેરે ભરો પછી ૧૪૦૦ ડૉલરમાં કંઈ રહેતું નહીં એટલે મેં જાતજાતની નોકરીઓ કરી. સિક્યૉરિટી ગાર્ડ એટલે કે પગી અને વેઈટર અને ડ્રાઈવર અને એવું બધું... તો આના લીધે થયું શું કે મને અત્યારે પણ દરેક વ્યક્તિ અને દરેક પ્રૉફેશન માટે માન છે. હું કોઈ દિવસ એવું નથી વિચારતો, હું ફિલ્મ જોવા જાઉં અને પેલો ગેટકીપર ટિકિટ ફાડતો હોય તો હું એને કહું, તેં બહુ સરસ રીતે ટિકિટ ફાડી, કારણ કે એને મન તો એમાં જ એને ગૌરવ લેવાનું છે ને. એટલે મેં જે જે કામ કર્યાં, મને એ ગમતું હોય કે ન ગમતું હોય તોપણ હું આનંદથી કરું. તમે મને કહો કે અહીંયાં સંજવારી કાઢી નાખ, તો હું કિશોરકુમારનાં ગીત ગાતાં ગાતાં તાલબદ્ધ રીતે સંજવારી કાઢું નખરે વાલી... એમ કરીને. એટલે એને લીધે જ જિંદગીમાં આ સફળતા પણ વધારે છે. મારાં મધર એમ કહેતાં કે તમે કોઈ ન ગમતું કામ મોઢું ચડાવીને કરો તો.. રોતા જાય, એ મૂઆના સમાચાર લઈને આવે. એટલે હું હંમેશાં આનંદથી રહ્યો ને આવી કેટલીય નોકરી કરી. અમેરિકામાં ભણતો હતો ત્યારે એક વાર મેં સમર જૉબ લીધો હતો. મારા ગામથી બે સ્ટેશન દૂર ટ્રેન લઈને જવાનું. સવારે ૬.૨૦ ની ટ્રેન હતી એટલે ટિકિટબારી બંધ હોય, પણ ટ્રેનનો અંદરનો કંડક્ટર હોય એ જ તમને ટિકિટ વેચે. એટલે ૨૫ સેન્ટ જવાના અને સાંજે પાછો આવું ત્યારે ૨૫ સેન્ટ આવવાના. હું ખિસ્સામાં ૨૫-૨૫ સેન્ટના બે સિક્કા લઈને જાઉં. અને પેલો આવે એટલે હું કહું કે મેટાચંદ ગામની ટિકિટ આપો. એક દિવસ મારે ૧૦ મિનિટ મોડું થઈ ગયું, તોપણ હું તો દોડતો પહોંચી ગયો. હજી ટ્રેન ઊભી હતી. હું નસીબદાર એટલે ટ્રેનમાં બેસી ગયો અને પછી પેલો કંડક્ટર આવ્યો એટલે મેં કહ્યું, 'મેટાચંદ'. એ કહે, 'આ તો ફાસ્ટ ટ્રેન છે. મેટાચંદની તો દસ મિનિટ પહેલાં ગઈ. આ તો છેક

નૂર્વક જાય છે એટલે તારે નૂર્વકની ટિકિટ લેવી પડશે, ૭૫ સેન્ટ આપ મને.' મારી પાસે ૨૫-૨૫ના બે સિક્કા હતા. હું તો અવાચક. હવે મારે શું કરવું ? મેં કોઈ દિવસ આવી કોઈ પૈસાની તકલીફ જોઈ નહોતી. મારી સામે એક ઘરડા કાકા બેઠા હતા. મોટી હેટ પહેરી હતી એણે મારી સામે જોયું. મારું મૂંઝાયેલું મોઢું જોયું અને મને કહે What is the matter son ? એટલે મેં કહ્યું, 'આ હું ખોટી ટ્રેનમાં બેસી ગયો છું અને આ નૂર્વકનું કહે છે. મારી પાસે પૂરતા પૈસા નથી. ૭૫ સેન્ટ કહે છે અને મારી પાસે ૫૦ જ છે. એટલે એણે ખીસામાંથી ૨૫ સેન્ટ કાઢીને મને આપ્યા અને તોપણ મારા મોઢા ઉપર મૂંઝવણ. હું નૂર્વકથી કેવી રીતે પાછો આવીશ ? મને એમ થયું કે પાછું કોઈક પાસેથી માંગવા પડશે, હું શું કરીશ ?' એણે જોયું, 'still you look in trouble, what is the matter son ?' મેં કહ્યું, 'how would I come back ?' એટલે એણે પાકીટ ખોલ્યું અને એણે મને એક ડૉલરની નોટ આપી. હું એટલો આભારવશ થઈ ગયો અને એટલો મૂંઝાઈ પણ ગયો. આંખમાં આંસુ દડ દડ થતાં હતાં, પણ હું કંઈ બોલી ન શક્યો. પછી તે દિવસે સાંજે આવીને મારા પાર્ટનર, યસુદાસ બહુ જ હોશિયાર સજ્જન વ્યક્તિ, એને કહ્યું કે, 'મેં પેલા કાકાનું એડ્રેસ પણ ન લીધું, નહિતર એક કવરમાં એક ડૉલર અને ૨૫ સેન્ટ મૂકીને મોકલી દેત.' એટલે એણે મને કીધું કે, 'કોઈક આપણા તરફ kindness દેખાડે ને તો એ kindness ને પરત નથી કરવાની હોતી. એને આગળ વધારવાની હોય છે.' એ કહે, 'don't return, it pass it on' તો અત્યારે મેં વઢવાણમાં કોઈ પણ વ્યક્તિને હૉસ્પિટલ જવું હોય તો, બે ઍમ્બુલન્સ મારી કંપનીની રાખી છે. ઘણા લોકોનું રસ્તામાં સુરેન્દ્રનગરથી અમદાવાદ પહોંચતાં જ અવસાન થઈ જતું હતું. અમે ICUની સગવડવાળી બે ઍમ્બુલન્સ અને કોઈ જાતના પૈસા વગર .. અમે દર વર્ષે ૪૦૦થી ૫૦૦ લોકોને અહીંયાં લાવીને પાછા મૂકી આવીએ છીએ. અમે કોરોના વખતે ગામમાં બધાને માસ્ક બનાવીને આપ્યા હતા. પછી અત્યારે બીજી કેટલી આવી વ્યવસ્થા કરી છે. સુરેન્દ્રનગરની કેટલીયે સંસ્થાઓને ખૂબ દાન કરીએ છીએ. તો મને કોઈકે પૂછ્યું કે 'તમે કેમ આટલું બધું દાન કરો છો ?' તો મેં કહ્યું, 'મારે હજી પેલા કાકાના એક ડૉલર ને ૨૫ સેન્ટ ચૂકવાયા નથી એટલે એ હું ચૂકવવા મારાથી બનતી કોશિશ કરું છું.'

**– ભદ્રાયુ વછરાજાની**

---

**(૨૬મા પાનાનું ચાલુ)**

એક સાવ સાચી વાત છે. એક પતિને ડાયાબિટીસ ડિટેક્ટ થયું. ડૉક્ટરે પતિને બટાટા ખાવાની મનાઈ ફરમાવી. પત્નીએ એ દિવસથી ઘરે બટાટા મંગાવવાનું જ બંધ કરી દીધું. પતિએ કહ્યું, 'તને તો બટાટા બહુ ભાવે છે, તારા માટે તો મંગાવ.' પત્નીએ બહુ સલૂકાઈથી કહ્યું કે, 'હવે બટાટા ખાવાનું મન જ નથી થતું. હા, મન ઊઠી જાય છે. એનું કારણ એ હોય છે કે, જે મજા હોય છે એ એની સાથે જ હોય છે. તું છે તો મજા છે. તું હોય ત્યારે જ બધું ગમે છે. તારા વગર બધું અધૂરું લાગે છે. તું છે તો જ બધું મધુરું છે.' પ્રેમ રાઇટ ટાઇમે વ્યક્ત થવો જોઈએ. સમયની નજાકતને પારખતાં આવડે તો પ્રેમ કાયમ માટે સજીવન રહે છે.

**– કૃષ્ણકાંત ઉનડકટ**

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા 'અસ્મિતા વિશેષ સંવાદ'માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

◈ **૧૧ ઑક્ટોબર, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી અમૃત ગંગર (સમયમર્યાદા : ૨ કલાક, ૩ મિનિટ)

◈ **૨૫ ઑક્ટોબર, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી રાહુલ શુક્લ (સમયમર્યાદા : ૧ કલાક, ૫૫ મિનિટ)

### ( ઑફલાઇન કાર્યક્રમો )

## માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૧૪ ઑક્ટોબર, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : ભાષાશુદ્ધિ વર્ગ
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

◈ **૨૮ ઑક્ટોબર, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : ભાષાશુદ્ધિ વર્ગ
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

## કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ સંસ્કાર, શિક્ષણ અને સાહિત્ય વ્યાખ્યાનશ્રેણી

◈ **૬ ઑક્ટોબર, ૨૦૨૩, શુક્રવાર : સાંજના ૫-૩૦**
વિષય : ફિલ્મસર્જનની પ્રક્રિયા : શિક્ષણ-પ્રશિક્ષણ અને મારો બુનિયાદી અભિગમ
શ્રી અમૃત ગંગર સાથે સંવાદ

## શ્રી હરિકેત પાઠક બાળ-કિશોર ચિત્રકલા-સ્પર્ધા : ૭

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ 'હરિકેત પાઠક બાળ-કિશોર ચિત્રકલા-સ્પર્ધા' યોજવામાં આવે છે. ધોરણ ૫-૬-૭ અને ૮-૯ એમ બે જૂથમાં સ્પર્ધા યોજાય છે. આ સ્પર્ધા **૧૫ ઑક્ટોબર, ૨૦૨૩** ને રવિવારે સવારે ૧૦-૦૦ વાગ્યે યોજાશે. આ અંગે કોઈ માહિતી જોઈતી હોય તો કૃપાબહેન દેથોલિયા-(૯૮૯૮૦૪૨૬૯૯)નો ૧૨થી ૫માં સંપર્ક કરવો. ભાગ લેનાર વિદ્યાર્થીઓએ સવારે ૯-૦૦ વાગ્યે સ્થળ ઉપર હાજર થઈ જવાનું રહેશે.

## રસિકલાલ છો. પરીખ વિદ્યાકેન્દ્ર

**◈ ૨૧ ઑક્ટોબર, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૩૦**

'ધ એલિફન્ટ વ્હીસ્પર્સ' ડોક્યુમેન્ટરી ફિલ્મ (સમય - ૪૧ મિનિટ), ભાષા - તમિળ અને જેનુ કુરુમ્બા, દિગ્દર્શક - કાર્તિકી ગોન્સાલ્વેસ. બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ ફિલ્મની કેટેગરીમાં **ઑસ્કર ઍવૉર્ડ** મેળવનાર આ ફિલ્મ **હિન્દી ટાઈટલ** સાથે દર્શાવવામાં આવશે. આ ડોક્યુમેન્ટરી કટ્ટુ નયક્કર સમુદાયના બોમ્મન અને બેલ્લી પર આધારિત છે. તેઓ મુદુમલાઈ અભ્યારણ્યમાં હાથીઓની સારસંભાળ રાખવાનું કામ કરે છે. ફિલ્મસમીક્ષા - શ્રી અમિતાભ મડિયા.

## વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

**◈ ૨૮ ઑક્ટોબર, ૨૦૨૩, શનિવાર : સાંજના ૬-૦૦**

કાવ્યસંગીતયાત્રા (આપણા કાવ્યવારસાની સંગીતસભર પ્રસ્તુતિ - સારંગી, ગિટાર જેવા વાદ્યોની સંગતમાં.)

પ્રસ્તુતિ : શ્રી અમર ભટ્ટ

### આસ્વાદ

**◈ ૨૯ ઑક્ટોબર, ૨૦૨૩, રવિવાર : સવારના ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં ' 'મંગલ શબ્દ' : ઉમાશંકર જોશીના જીવન-સર્જન વિશે અભિવાચન' વિશે. પરિકલ્પના અને આલેખન : સંજય સ્વાતિ ભાવે, રજૂઆત : મેઘશ્રી અને સંજય ભાવે.

### અન્ય

**◈ ૧૪ ઑક્ટોબર, ૨૦૨૩, શનિવાર : બપોરે ૩-૦૦**

શ્રી જ્યોતિબહેન સોનીના 'પંખીચિત્ર' પ્રદર્શનનું ઉદ્‌ઘાટન જાણીતાં નેફ્રોલૉજિસ્ટ ડૉ. પ્રવીણાબહેન પી. શાહના હસ્તે. ડૉ. પંકજ શાહ અને શ્રી પ્રવીણ ક. લહેરી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. આ પ્રદર્શન ૧૪ અને ૧૫ ઑક્ટોબર, શનિ-રવિવાર ૩-૦૦ થી ૬-૦૦ દરમિયાન ખુલ્લું રહેશે.

---

## ગુજરાતી લેક્સિકન

પચીસ વર્ષના પ્રયત્નો બાદ તૈયાર થયેલો ૪૫,૦૦,૦૦૦થી વધુ શબ્દો ધરાવતો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ શબ્દકોશ 'ગુજરાતી લૅક્સિકન' ઑનલાઇન ઉપલબ્ધ છે. આ વેબસાઇટની અત્યાર સુધીમાં અંદાજિત પાંચ કરોડ અગિયાર લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી છે. ભારત ઉપરાંત વિશ્વભરના દેશોના લોકોએ આ વેબસાઇટની મુલાકાત લીધી છે. 'ગુજરાતી લૅક્સિકન' www.gujaratilexicon.com પર જોઈ શકાશે. દરરોજ સરેરાશ પાંચથી છ હજાર લોકો આ વેબસાઇટની મુલાકાત લે છે.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

# માતૃભાષા ગુજરાતી : ઑનલાઇન પ્રસ્તુતિ

## ગુજરાતી વિશ્વકોશ

◈ હવે ઑનલાઈન ઉપલબ્ધ થયો છે ૨૬ ખંડોમાં ૨૬,૦૦૦ પૃષ્ઠમાં ૧૭૦ વિષયોનાં ૨૪,૦૦૦થી વધુ અધિકરણો ધરાવતો 'ગુજરાતી વિશ્વકોશ' ◈ છેલ્લા ૨૮ દિવસમાં ૧ લાખ ૮૦ હજાર જેટલા લોકોએ એનો ઉપયોગ કર્યો છે. ◈ ભારત, અમેરિકા, ફ્રાન્સ, ઇંગ્લૅન્ડ, સિંગાપોર, જર્મની, ઑસ્ટ્રેલિયા અને જાપાન વગેરે દેશના લોકોએ વિશ્વકોશમાંથી વિગતો મેળવી છે. ◈ ઑનલાઈન 'ગુજરાતી વિશ્વકોશ' જોવા માટે https://gujarativishwakosh.org

## ગુજરાતી લૅક્સિકન

◈ રોજ અંદાજિત છ હજારથી વધુ લોકો આ વેબસાઈટની મુલાકાત લે છે. ◈ અત્યાર સુધીમાં પાંચ કરોડ અગિયાર લાખથી વધુ લોકોએ આની મુલાકાત લીધી છે. ◈ ભારત, અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, આરબ દેશો, જર્મની, નેધરલૅન્ડ, સિંગાપોર, ન્યૂઝીલૅન્ડ જેવા વિવિધ દેશોએ આ સાઈટની મુલાકાત લીધી છે. ◈ 'ગુજરાતી લૅક્સિકન' જોવા માટે www.gujaratilexicon.com

## 'વિશ્વવિહાર' સામયિક

◈ દર મહિને પ્રકાશિત થતું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું વિશ્વની ગતિવિધિ આલેખતું સામયિક 'વિશ્વવિહાર'ના પ્રત્યેક મૂલ્યવાન લેખો ક્રમશઃ યૂટ્યૂબ પર સાંભળી શકાશે.

## જ્ઞાન–વિજ્ઞાનવિષયક પ્રવચનો

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં યોજાતાં દરેક પ્રવચનો યૂટ્યૂબ પર પ્રાપ્ત થશે. કેટલાંક પ્રવચનો ફેસબુક પર લાઈવ કરવામાં આવે છે.

## વિશ્વકોશ, તમારે આંગણે

◈ દર બુધવારે અને દર શનિવારે 'વિશ્વકોશ તમારે આંગણે' નામના વિભાગમાં ગુજરાતી વિશ્વકોશ અને બાળવિશ્વકોશનાં અધિકરણો તેમજ 'આજનો વિચાર', 'પ્રસંગમાધુરી' જેવા વિભાગો વૉટ્સએપ પર જોઈ શકાશે.

## બાળવાર્તાની પ્રસ્તુતિ

◈ દર રવિવારે સવારે ૧૦-૩૦ વાગ્યે બાળકોને ગમી જાય તેવી વાર્તા અને બાળગીતની પ્રસ્તુતિ

## વિશ્વકોશ : ઈ–બુક્સ

◈ વિશ્વકોશના મહત્ત્વના ગ્રંથો ઈ-બુક્સ તરીકે ઉપલબ્ધ થશે. ◈ ગૂગલમાં અંગ્રેજીમાં gujarativishwakosh.org/ebooks ટાઈપ કરીને ઈ-બુક્સ ઉપર ક્લિક કરશો. ◈ આ ઈ-બુક્સ વાંચવા માટે આપના કમ્પ્યૂટર કે મોબાઈલમાં e-pub reader / ebook reader આવશ્યક છે.

આ બધા કાર્યક્રમો તમે અમારા યૂટ્યૂબ : (Gujarat Vishvakosh Trust)

ફેસબુક એકાઉન્ટ : (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ)

વૉટ્સએપમાં જોડાવા માટે (મો. ૯૮૯૮૦૪૨૬૯૯)

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. Posted at Ahd PSO On 5th every month.









આ ક્યૂ આર કોડ સ્કેન કરવાથી ‘વિશ્વવિહાર’માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું ‘વિશ્વવિહાર’ દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.